# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૭ | ૧૦ | ૧૪-૧-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)**

**નિકેશ જ. ગાંધી**

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# જો હૈ સમા કલ હો ના હો

***તંત્રીસ્થાનેથી***

૨૬મી ડીસેમ્બરની સવાર, સમુદ્રના તળિયેથી ધરતી સરકી અને સમુદ્રમાં મોજાં ઉછળ્યાં. ૮,૯ના રીક્ટર સ્કેલનો ધરતીકંપ સમુદ્રના તળિયે થયો એ એની અસર આજુબાજુના ૩૦૦૦ કિ.મિ. સુધી પહોંચી. ફક્ત એકાદ કલાકમાં દોઢ લાખ માણસો મોતના મુખમાં ધકેલાઈ ગયા. ક્રીસમસ પાર્ટીમાંથી મોડી રાતે ઉંઘેલા કેટલાંય લોકોની સવાર થઈ જ નહી. સમુદ્ર કિનારે આવેલા એક રીસોર્ટના ૨૦૦ બગંલા જેની હેરેવાન કેબીનો માણસો સાથે સમુદ્રમાં ગરકાવ થઈ ગયા. ભારત, શ્રીલંકા, ઈન્ડોનેશિયા જેવા દેશોના નકશા બદાલાઈ ગયા. જમીન હતી ન હતી થઈ ગઈ. આપણો ઈન્દીરા પોઈન્ટ નામનો ટાપુ નકશા ઉપરથી ભુંસાઈ ગયો. આંદામાનને એક આખી જાતીનું નિકંદન નીકળી ગયું. માનવે દરિયો પુરીને લીધેલી બધી જ જમીન દરિયાએ જાણે પાછી લઈ લીધી. એક માણસે સુંદર વાત કરી. દરિયાએ ભગવાન કૃષ્ણને નથી છોડયાં તો માનવની શી વિસાત. કૃષ્ણએ સમુદ્રમાં બનાવેલી દ્વારકાનગરી સમુદ્રના પ્રલયમાં નામ શેષ થઈ ગઈ એ વાતનો ઈતિહાસ બની ગઈ છે. જે થયું તે, પણ બીજી રીતે વિચારીઓ તો શુળીનું વિઘ્ન શુળ થઈ ગયું. આ જ ૯ રીક્ટર સ્કેલનો ધરતીકંપ ધરતી પર થયો હોત તો કદાચ આખો ભારત દેશ તારાજ થઈ ગયો હોત.

ખેર વાત આજે માનવીના લાચારીની કરવી છે. માનવી પોતાને ગમે એટલો શક્તિશાળી સમજે પણ કુદરત સામે હજી પણ લાચાર જ રહેવાનો. ધરતીકંપ, વાવાઝોડા કે વીજળી અને અતિવૃષ્ટિ સામે એનું કંઈ ચાલતું નથી. દુબઈના રણપ્રદેશની ગરમીને નાથવા લગભગ આખું દુબઈ એરકંડીશનર બનાવી દીધું તો લો આ વર્ષે ત્યાં હીમવર્ષા થઈ. માનવીની સદીઓ પગેલાં ઉંમર સો વર્ષથી વધુ હતી તેનાથી ઘટીને પ્લેગ અને બીજા રોગોથી ફક્ત

૪૦-૬૦ની થઈ ગઈ. એ બધું સુધર્યું ત્યાં કેન્સર અને અને હજી એનો ઉપચાર નથી શોધાયો ત્યાં એડસ. કુદરત માનવથી એક ડગલું આગળ જ રહેવાની. યુધ્ધોમાં પુરુષો ખુબ મરતાં એથી સ્ત્રીઓની સંખ્યા વધી ગઈ એટલે બહુપત્નીત્વની પ્રથા આવી. આજે સ્ત્રી પુરુષોએ ભેગામળીને છોકરીઓની ગર્ભમાં જ હત્યા કરવા માંડી છે અને સ્ત્રીઓની સંખ્યા ઘટવા માંડી છે એની પણ સજા કુદરત આપ્યા વગર નહી રહે. અમેરીકા ભલે દુનિયાનો રાજા થવાની કોશિશ કરે, બધી જગ્યાએ દાદાગીરી કરે એની પડતી નિશ્ચિત છે. દુનિયાનો છેલ્લાં ૫,૦૦૦ વર્ષોનો ઈતિહાસ તપાસીએ તો કોઈપણ દેશ બસો ત્રણસો વર્ષથી વધુ ટોપ ઉપર રહી શક્યો નથી. અરે ભારત અને ચીન સિવાય ના કેટલાંક દેશો તો નકશા ઉપરથી પણ ભુંસાઈ ગયા છે.

ડાહ્યા માણસો કહેતાં આવ્યાં છે કે માણસે જીવનના દરેક સ્ટેજ ઉપર પ્લાનીંગ કરવું જોઈએ. જન્મની સાથે જ એના ઉછેરનું પ્લાનીંગ થાય, કઈ સ્કુલમાં મુકવો એને શું બનાવવાનો છે ?, એના ભણતરના ખર્ચાનું પ્લાનીંગ, એના લગ્નનું પ્લાનીંગ, એના માટે વ્યવસાયનું પ્લાનીંગ, પીકનીકમાં જવાનું હોય કે પ્રવાસમાં એનું અગાઉથી પ્લાનીંગ, શું લેવું, ક્યાં જવું, ક્યારે જવું બધુ જ પ્લાન પ્રમાણે. આગળ વધતાં ઘરનું, ગાડીનું, ફર્નીચરનું પ્લાનીંગ, વૃધ્ધાવસ્થાનું પ્લાનીંગ અરે મૃત્યુ પછીનું મૃતદેહનું અને પાછળ રહી ગયેલી મિલકતનું પ્લાનીંગ માણસ, કરતો હોય છે અને દુ:ખી થતા હોય છે. પહેલાં તો છોકરાને બદલે છોકરી આવે અને પ્લાનીંગ ખોરવાઈ જાય. વળી એકને બદેલ બે એક સાથે આવે તો ? ભણતરનું પ્લાનીંગ કરીને પણ શું બાળક સાવ ડબ્બો નીકળે કે પછી અલગ જ લાઈન લે તો ? લગ્નને માટે મા બાપ કેટલાંયે સપના જોતા હોય તેમાં એક દિવસ અચાનક જ સંતાન પરનાતનું પરજાતનું પાત્ર લઈને પગે લાવના આવી જાય. પ્રવાસનું સોલીડ પ્લાનીગ કર્યું હોય ઘરમાં વાપરતાં હોય એનાથી વધુ સામાન લીધો હોય, બધું બુકીંગ હોય અને પ્રથમ દિવસે જ ખિસુ કપાઈ જાય કે બેગ ખોવાઈ જાય તો ? વૃધ્ધાવસ્થાનું પ્લાનીંગ થયા પહેલાં જ વૃદ્ધાવસ્થાની બિમારીઓ આવી જાય તો ? કે પછી પ્લાનીંગ કર્યા બાદ વૃદ્ધાવસ્થા આવે જ નહિ તો ? બિમારી બધી જ બચત અને મિલકત હડપ કરી જાય તો ? અને સુનામીમાં થયું એમ બાળવા કે દાટવા કે પછી દેહદાન કરવા મૃતદેહ જ હાથમાં ન આવે તો ? સુનામીમાં કેટલીયે કોડભરી કન્યાઓ લગ્ન પહેલાં જ વિધવા થઈ ગઈ, કેટલાંયે જુવાન હૈયાઓ કાળની લપેટમાં આવી ગયાં. ક્રીસમસમાં કરેલું નવા વર્ષના સ્વાગતનું પ્લાનીંગ પણ સફળ ન થયું. આ બધું સાંભળ્યા અને જોયા પછી ઘણીવાર વિચાર આવે છે પ્લાનીંગ તો ઠીક છે મારા ભઈ થાય તો કરવાનું પણ આજનું આજે જ જીવી લેવું. કોઈને પ્રેમ કરવાનું મન થાય તો કરી લેવાનો. એકરાર કાલ પર નહી રાખવાનો. કોઈને મદદ કરવાનું મન થાય, કોકનેમાટે કંઈક કરી છુટવાની મહેચ્છા જાગે. કોકને પગે લાવાનું મન થાય. કોકની સાથે પેટ છુટી વાત કરવાનું મન થાય, બધું આજેજ કરી લેવાનું. કેટલીયેવાર ઈપણે જોઈએ છીએ કે પ્લાનીંગ કરીને થયેલા મિલન કરતાં અચાનક થયેલા મિલનમાં મઝા આવે છે. અચાનક બની ગયેલા પ્રવાસમાં અને અચાનક થઈ ગયેલી મૈત્રીમાં આનંદ આવે છે. આપણામાંના મોટાભાગના લોકો દરેક વસ્તુમાં વિચારીને પગલું ભરે છે. આમ કરીશું તો શું થશે ? લોકો શું કહેશે એની સામેવાળા પર અસર કેવી પડશે. એ હા પાડશે કે નહી. આમ કરવાથી મને ફાયદો થશે કે નુકશાન એની દુરગામી અસર કેવી પડશે ? વગેરે વગેરે વગેરે અને આમ વિચારવામાંજ જીંદગી પતી જતી હોય છે. વિચારેલું અમલમાં મુકાતું જ નથી અને મનની મનમાંજ રહી જાય છે. સમય વીતી જાય અને જીંદગી ટૂંકી પડે છે. મરીઝે આને માટે ખુબ સુંદરર શેર કર્યો છે.

*તફાવત એ જ છે તારા અને મારા વિષે જાહિદ (ધર્મોપદેશક)*
*વિચારીનું તું જીવે છે, હું જીવીને વિચારું છું*

ચાલો આપણે પણ આજે જીવી લઈએ પછી સમય મળશે તો વિચારશું. બાકી જીવાઈ ગયા પછી વિચારીને પણ શું કરવાનું. બસ મરજી મુજબનું જીવી લેવાનું, કાલ કોણે દીઠી છે.

***હરપલ યહાં જી ભર જીઓ, જો હૈ સમા કલ હોના હો.***

*- નિખિલ પરીખ*

# રીવાજોની ભીતરમાં

- ઉષા એસ. ધારીયા

પહેલું સોપાન લગ્ન. એરેન્જ અને પ્રણય લગ્ન. જોરશોરથી તૈયારી ચાલે. કુંડલી મેળવાય અને મૂરત જોવાય. અને છતાંય કવાચિત લગ્ન વિચ્છેદ થાય, કોઈ વિધુર તો કોઈ વિધવા, યા ત્યકતા થાય, કોઈને એકસીડન્ટ તો કોઈને મોટી બિમારી, કોઈ સુખી તો કોઈ દુ:ખી, કોઈના ઉપર સોતન આવે, આજકાલ તો બાળકો પચ્ચીસે પહોંચે અને ત્યારબાદ ડીવોર્સ થાય છે. કોઈ માતા પિતાને ઘરમાંથી હકાલે, કોઈ વૃદ્ધાશ્રમમાં તો કોઈ બાલાસિનોરમાં મૂકી આવે તો, કોઈ પોતે અમેરીકા સ્થાઈ થાય અને માતાપિતાને ઈંડીયામાં છોડી જાય, સગાંસ્નેહીના ભરોસે, આ બધું શું કુંડલીમાં લખાયું હોય છે?

અરે આ કુંડલી આ મૂરત એ માનવીના મનનું નોધારું આશ્વાસન છે. જ્યોતિષ શાસ્ત્ર અને એનું ગણિત ક્યારેય આમાનું એક પણ ચિન્હ બતાવતું નથી. ઠાકોરજીમાં જેને સાચી શ્રદ્ધા હોય એને મન આ કંઈ જ નથી. આપણા કર્મ ફળ પ્રમાણે જ નિયતી ચાલે છે. નથી આમાં કોઈ ગણિત, કે મૂરત કામ આવતું. તમે મૂરત જોવો કે કુંડલી, નસીબના લેખ મિથ્યા થતા જ નથી. જેમ માનવી આગળ નીકળી કોમ્પ્યુટરના યુગ સુધી પહોંચી રહ્યો તેમ તેની વિચારસરણીમાં ખોટ આવી રહી છે. આના કરતાં તો આપણા વડાવાઓની વિચારસરણી જૂની પણ સારી હતી. આગળ તો મંદિરમાંથી લગ્નના પાંચ, સાત, દશ મૂરત નીકળે અને પિરીયડનો અવરોધ ટાળીને તિથી નક્કી કરી લેતા. આ તિથીનો દિવસ એટલે આખોય દિવસ શુભ જ ગણાય. ઠાકોરજીના મૂરતે મૂરત, ન કોઈને કુંડલી જોવાની રહેતી. એય મજાના વરઘોડા રાતના જ નીકળે, બેનડીયું ભેગી થઈ, માટી લાવે, ગોતરડાં લાવે, મામેરું લઈ જાય. જાનીવાસે હલવો કલવો ખવરાવવા જાય, અને બેઉ વર કન્યાને બીજીવારની પીઠી ચોળાય.આમા પુરુષ વર્ગનું કાંઈ કામ નહી એય આગળ બે વાજાવાળા નગારી પીપુડી વગાડે અને બેનો ગીત ગાતાં અકલાતાં મકલાતાં મહાલે, ન કોઈને થાક કે કંટાળો. હોરી ચકલાથી ઘરીયાવાડ કે કોટિયાવાડ જવાનું પગે ચાલતાં, વળી ન નાસ્તાની જંજટ, ફક્ત મંડપ મૂરત વખતે જ અને જમવાના સમયે પુરુષો પીરસવા લાગતા અને ઘરના મોભી હોય એ થોડી ઘણી તૈયારીમાં પડે. આમ રાતના ધામધુમથી લગ્ન થાય. વરઘોડા માણે અને ચોરીના ફેરા ફરે. આ વિધી પતે ત્યારે વહેલી પરોઢ થાય આમાં પુરુષોનો ન ધંધો બગડે કે સમય. ઘરના એકાદ પુરુષ સિવાય બધી વિધી બેનડીઓ જ પતાવે. ખોબલે ખારેક વેંચાય કે જે આખું વર્ષ દાળમાં નાંખવા ચાલે. મણ મણના પાપડ કરે પણ આજુબાજુવાળા, સગાં સ્નેહીઓ જાતે ઘરની ઘંટીમાં લોટ પણ દળીને આપી જાય. વળી આગળના જમાનામાં લાઈટો નહોતી તેથી વરઘોડામાં માણસો માથે પેટ્રોમેક્સ લઈને ચાલતા, આગળ પુરુષો વચ્ચે વરનો ઘોડો તથા પાછળ બેનડીયું ચાલે, વરની મા હાથમાં રામણદીવો એ તેય પતરાંનો અને કરવડો ત્રાંબાનો લઈને ચાલે, એમાં બોડીયાં (કપાસીયા) મુકીને દીવો પેટાવે કે જેથી કરીને રસ્તામાં કુતરુ, બિલાડુ, સાપ કે જીવજંતુ કચડાઈ ન જાય અને પગ કાદવથી ન ખરડાય અને ખરડાય તો કરવડો હોય તેના પાણીથી ધોઈ શકાય યા તો કંઈક સળગે કરે તો એ પાણીથી ઓલવી શકાય, જ્યારે આજે પણ બેનો સુકન સુકન કરીને રામણદીવડો અને કરવડો હાથમાં લે છે અને તેય ચાંદીનો, શો ઉપયોગ છે આનો, વળી વાડીમાં જઈ બીજાને સાચવવા આપી દે. આમ જોતાં જ ખ્યાલ આવશે કે ન પુરુષ વર્ગનું આમાં વરઘોડા

સિવાય કામ અને પીરસવા સિવાય અને બેનડીયો જ બધું પતાવે વળી આ રામણદીવડો અને કરવડો બિચારો, ખાલી શોભા અને પૈસાનું પ્રદર્શન ! પાછી બેનોની દલીલ તો એવી કે આગળ તો દેશમાં જવું પડતું તે કરતાં અહીં એક દિવસ બગડે પુરુષોનો તો શું ? પરંતુ સીઝનમાં આવી કંઈ કંકોત્રી હોય, નિકટના સગાની કોઈ ભાઈ-બેનોમાં,ફ્રેન્ડસમાં, દીયેર-જેઠમાં યા માતા-પિતા યા સાસુ-સસરામાં આમ રોજ જ ચાલતાં રહે. લગ્ન અને ગીત ગાવાનું અને ખોળાનું શ્રીમંત. પુરુષોને બિઝનેઝ બગાડી દોડતાં દૂર દૂરથી ય આવવાનું અને લગ્નમાં તો અવશ્ય આવવાનું થાય પણ ગીત ગાવાનું હોય ત્યારે, પીઠી ચોળાય, સાકરના પડીકાં અપાય તો આ વિધીમાં પુરુષોને શા માટે બોલાવે છે એ જ સમજાતું નથી, બીચારા બોર થાય અને બગાસાં ખાતાં બેસી રહે ? વળી આજકાલ તો પુરુષ વર્ગ બુમો જ પાડે છે કે બિઝનેસ સાવ ઠંડા છે. તેમને એક ડીશ નાસ્તો ઘણો મોંઘો પડતો હોય છે ? વળી દાગીના પહેર્યા હોય બેનોએ તો એકાદ બે સીક્યોરીટના માણસો રાખો. વળી ઘરો, બ્લોક, ઘણાખરાંના મોટા હોય છે, ઘરમાં ઈંપોરટેડ ક્રોકરી ફુલ ભરેલી હોય પણ આજે કોઈને ઘર બગાડવું ગમતું નથી, નાનું સરખું જમણ પણ બહાર હોટેલમા જ અપાય. ઘર કંઈ દિશાએ છે એ પણ ભુલાઈ જાય કારણ બધાં પ્રસંગો બહાર પછી ભલે પુરુષોની કમ્મર બેવડ વળી જાય. વળી વ્યવહારમાં પણ લોકો સીમા ઓળંગી જતા જોવા મળે છે, એકબીજાના દેખાદેખી અને ચડસાચડસીમાં પ્રસંગો રાખતા હોય છે. મેરેજમાં, જેટલા કાર્ડ વધારે મૂકાય એટલી મોટાઈ, બાકી ગીત ગાવાનું તો હોય જ અને કિરતનીયા, સંગીત સંધ્યા, દાંડિયા રાસ, કોકટેલ પાર્ટી, મહેંદીની રસમ આ બધાં વિના મેરેજ માની જ ન શકાય. કોકટેલ પાર્ટીમાં ફ્રેંડસ અને વ્યાપારીઓને ઈનવાઈટ કરો. એમા માતા-પિતા, સાસ–સસરા, દાદા-દાદી, નાના-નાની તથા બાળકોને બોલાવવાનું શું કામ ? જૂની આંખે નવા તમાશા આ ડાન્સ અને ડ્રીંકસ સર્કલમાં માણો જરૂરથી પીઓ, નાચો, વચ્ચે નાના અને મોટાઓને ન બોલાવો કે જેથી આમાન્યા પણ હોડમાં ન મૂકાય. વળી ડ્રેસપ પણ કંઈક વધુ આછકલાઈવાળા કે પુરુષો જોઈને કોમેન્ટો પાસ કરતાં થઈ જાય. વળી કંકોત્રીમાં અને કાર્ડમાં શો અપ વધતો જાય છે. એક બહેનનું કહેવું હતું કે ‘‘લગ્ન તો જીવનમાં એકવાર જ આવે એટલે એંજોય કરવાના’ પરંતુ આજના મેરેજોમાં ચાર પાંચ દિવસ ફંકશનો રાખી પૈસાનો ધુમાડો અને પ્રદર્શન કરતાં હોય છે. તમને તમારા મેરેજમાં આનંદ હોય, પરંતુ જ્યારે તમારા મેરેજ જૂના થશે પછી ખુદને બીજાનાં લગ્નમાં જવાનો કંટાળો આવશે. બીજાઓને બાળકોને ભણતા છોડી, ટ્યુશનો બગાડી, ટ્રાફિકમાં આવવા જવાનું યા પરામાંથી આવવાનું, મોડી રાતના ઉંઘ ઉજાગરા કરવાના અને જમાવાનું. બધું જ મીક્સ રાખવામાં આવે છે. જેમાં ચાઈનીસ કોર્નર, ઈટાલીયન પાસ્તા, પીઝો કોર્નર, પંજાબી, સાઉટ ઈંડીયન, ચિલ્લા, ચાટ કોર્નર, ફ્રૂટસ, શેરડીનો રસ વગેરે વગેરે. થાળીની કિંમત ૪૫૦ થી ૬૦૦ સુધી પરંતુ આમાનું કઈ જ માણીને ખાઈ શકાય નહી. વળી ગરદી પણ એટલી જ થાય. વળી ઘણીવાર તો આમંત્રણ મોટાંઓને જ મળેલું હોય અને વહુ દીકરા ઘરે, અને વહુ દીકરાને હોય તો બાળકો ઘરે. વળી મોટી ઉમંરનાને બૂફેથી ખાવાનું, વળી વેરાયટીમાં ખાવું ઓછું જ ફાવતુ આવે. આમ નાનાઓને મેઈન ઈન્ટરેસ્ટ હોય, વળી ઘણી વખત ગરમી પણ ઘણી જ હોય. આ બધાં તો ઈન્વાટીઝના પ્રોબ્લેમ. પરંતુ આ મુશ્કેલી હોવા છતાં એક બીજાના પૂરક બનતા જ રહે છે.

વળી અસલમાં જે ગોરો અપાતો તે અત્યારે પણ ચાલુ છે. ગોરામાં પાચં શેર ચોખા, સુખડીની થાળી,

થાળી વાટકો, લોટો અને બેડુ કે ગોરી પિત્તળની, કે જ્યારે છોકરી સાસરે જાય કે તે વાપરે અને ઘરમાં સમાય તે માટે આપવામાં આવતું, પરંતુ હવે તો પવાલી સ્ટીલની, યા ચાંદીનું બેડું, ચાંદીના થાળી વાટકો, લોટો યા ડીનર સેટ તથા ચોખા અને સુખડીની થાળી મૂકવાનો શો અર્થ છે તે જ સમજાતું નથી? ન પવાલીની જરૂરત કે ન ચોખાની, ચાંદીના વાસણ તો પૈસાવાળા મૂકે એટલે આ રીવાજનું શું મહત્વ, વળી દેશમાં હલવો, પૌંઆ લઈ જતા, પીપરમીટ, સૂકો મેવો, ઠાકરોજી માટે તથા ફ્રુટ લઈ જતા. જ્યારે બાલાસિનોરમાં આમાનું કશુ મળતું નહોતું, અત્યારે પણ આજ રીવાજ ચાલુ રાખે છે. એ ડેકોરેશનના રૂા. પાંચથી દશ હજારનો ખર્ચ કરીને મોકલવામાં આવે છે. સાકરના પડીકા પણ બહારથી રેડી શણગારેલા લાવે અને ખોટો ખર્ચ કરે છે. લગ્નની વાડીમાં વરઘોડો ફરવાનો શો મતલબ હોય છે? જેવો વરઘોડો આવે કે વરને પોંખી લો તો સમય પણ ન બગડે. વળી પહેરામણીમાં પણ કંઈક આવું જ પહેલાં બધાને નાની મોટી પહેરાણી અપાતી પરંતુ હવે અમે રીવાજ બંધ કર્યો છે. પૈસાવાળાઓના ઘરમાં જ આ સુધારો થતો નીહાળ્યો છે. જેમને કોઈ ફરક નથી પડતો એવા આ રિવાજમાં પોતાનો વ્યવહાર ભારેમાં ભારે લેતા હોય છે.

આખીયે લગ્ન વિધીમાં હસ્તમેળાપ અને રીસેપ્શન વચ્ચેના સમયમાં ઘરનાઓ કપડાં બદલવા જાય તે એટલાં મોડા આવે કે પરાંવાળાઓ જે લગ્નમાં આવ્યા હોય તેમની સ્થિતિ કફોડી થાય, સાંજ પછી કોઈના ઘરે જવાય નહી અને વાડીમાં જ બેસી રહેવું પડે. સાંજના ટ્રાફિક ઘણો જ હોય. જો ગાડી લઈને જાય તો પાર્કિંગ નો પ્રોબ્લેમ અને ટેક્સીમાં જાય તો ટ્રાફિકમાં ડબ્બલ મીટર આવે. વળી ઘણા જેન્ટસ ઓફિસેથી ડાયરેક્ટ આવ્યા હોય તેમની પણ પરિસ્થિતિ કંઈક એવી જ થાય છે. જેના ઘરે મેરેજ હોય તે પોતાની મસ્તીમાં રાચતા હોય પણ આ લોકોનો પ્રોબ્લેમ કે જમીને જઈને પાછા આવવાનું ન ફાવતું હોય એ બિચારા વાડીમાં બગાસા ખાતા બેસી રહે. મેરીડ કપલ ન આવે ત્યાં સુધી જમવાનું પણ ચાલુ ન થાય. આ બધી મુશ્કેલીમાં વરકન્યાને નીરખની જોવાનો પણ સમય ન રહે. મોડુ થતાં ઘરે પહોંચવાની ઉતાવળ હોય. વળી ઓર એક મુશ્કેલી ઘરના મેરેજમાં પાંચ ફંકશનમાં પહેરવા પાંચ સેટ જોઈએ અને ઘરમાં ત્રણ જણ હોય તો પંદર સેટ જોતા હોય. ચોરનારની ચાર. આમ ધ્યાનમાં રાખતાં જ હોય એક વખતમાં ત્રણ સેટ પહેરાય. દાગીના તો બીજા ઘરમાં જ રહે. રોજ તો સેફમાં મૂકતા હોય પણ પ્રસંગે ઘરમાંના દાગીના સંભાળવા અને તે પણ પરાંમાં તો ખાસ. આ પણ એક પ્રશ્ન ઈનવાઈટીઝ માટે મુંઝવણ ઉભી કરે છે.

લગ્નમાં જેટલો ખર્ચો થાય તેમાં એક સાધારણ કપલ તો પરણી શકે જો તમને થોડો બચાવ કરો તો. તમે પરણો ત્યાં સુધી પછી તમને બીજાના લગ્નમાં રસ ઓછો જ થઈ જશે અને કંટાળો પણ આવશે. મને પર્સનલ આમાં કોઈ જ ફરક પડતો નથી. આ લેખ તો જનરલ જ લખ્યો છે.

લગ્ન પછીનું બીજુ સોપાન એટલે 'શ્રીમંત', ખોળો ભરવા માટે રવિવાર, મંગળવાર અને ગુરુવાર હોય છે. જેનું શ્રીમંત હોય એ તૈયાર થાય, મહેંદી મૂકે, ગજરા પહેરે ને પૂજામાં બેસે, બ્રાહ્મણ પૂજાના મંત્ર ભણે, આ ખરેખર સરસ વિધી છે. પરંતુ ત્યાર પછીની વિધીમાં ચાંદીનો ઘડો લઈ બહાર પાણી ભરવા જાય, બારણા સુધી આવે એટલે નણંદો હેલ ઉતારી આમ પાંચ વાર પાણી ભરવા જાય. નણંદ રાખડી બાંધે અને પછી તેનો ખોળો ભરાય. તેમાં ચોખા, નારીયેળ, સાડી વગેરે અપાય. પહેલાનાં જમાનાનો આ રિવાજ બરોબર હતો કારણ વહુ કુવે પાણી ભરવા જતી એટલે નણંદો સાતમે મહિને શ્રીમંત કર્યા પછી હેલ ઉતરાવી દે અને

કહે કે ભાભી, હવે તમારે પાણી ભરવા જવાનું નથી. ચાર ચૌટાની ધૂળ લાવી રાખડી બાંધે કે ભાભીને પ્રસવ થાય ત્યાં સુધી કોઈ તકલીફ ન આવે અને પછી પિયરે વળાવી દે. હવે ખોળો ભરવામાં જે ચોખા ખોળે ઘાલ્યાં હોય એ એને પિયેરમાં ખાવા ચાલે. અસલ લોકો પાસે આટલા પૈસા ન હતા. પરંતુ હવે ક્યાં આ હેલ ઉતારવાની? ક્યાં પાણી ભરવાનું ? અને ક્યાં ચોખાની પણ જરૂરત ? આમ આ બધી વિધીઓ કરવાની, લોકોને બોલવવાના, હોલના ભાડા અને સમય વેડફાય એ જુદુ, વળી આ પ્રંસગે પુરુષોને બોલાવે છે શા માટે?

પહેલાનાં જમાનામાં પરણ્યા પછી દશ દિવસ સાસરે દશેરિયા જમતા, સારું સારું જમે અને હનિમુન મનાવતા. જ્યારે અત્યારે તો બહારગામ જઈને હનિમુન મનાવવાનું હોય છે. આ તો જૂની રીવાજની તાસીર ચીત્રી, એવી જ રીતીએ શ્રીમંત પછી સગાં સંબંધીઓને ત્યાં જમવા જાય. સારું સારું ખાય એટલે પોષતું બાળક અવતરે અને ધજા કરી જમાડીને લૂગડાં આપે એ આણામાં મૂકાય, અસલના રિવાજોમાં આડકતરી રીતે એકબીજાને મદદ મળતી. એવી જ રીતે જાત્રાએ જાય કે બાધા મૂકવા જાય ત્યારે રૂપિયો, બે રૂપિયા કે પાંચ રૂપિયા આપી આવે, અને તે ગાડી ભાડામાં ઉપયોગી થતાં, અને જાત્રા યા બાધામાંથી આવે ત્યારે ડીશમાં પ્રસાદ અને જુમનાજી યા ગંગાજળની ત્રાંબાની નાની શીલબંધ લોટી આપતા, વચ્ચેના વ્યવહારમાં લોટો, વાસણ થાય અને હવે તો ચાંદી સોના સુધીની વાત આવી ગઈ છે. એક હાથે આપવું અને એક હાથે લેવું. આ બધાં રીવાજોનો આ જમાનામાં કોઈ મતલબ રહેતો નથી. શ્રીમંત વખતે હોલ રાખો, નાસ્તા પાણી રાખો એ કરતાં કોઈ એક મિડલ વર્ગની બેનને ડીલીવરીનો ખર્ચ આપી દો. અથવા બાળક આવેલુ હોય તેને મદદ કરો. આજના ભરેલાં આપણે પણ ક્યારેક ખાલી થઈ જઈ શકીએ એ તો વિધાતા જાણે કે જાણે ઈશ્વર. પણ મનુષ્ય અવતારમાં સારું કામ કરી પુણ્યનો ઉદય જ થાય અને પરભવનું ભાથુ બંધાય. વિચાર મારા અમલમાં મૂકવા કે નહી એ તમારા મનની મરજીની વાત. ગીતો ગાવાના હોય ત્યારે દાંડિયા અને નાચવાનું રાખો, ટ્રાફિક ન રોકાય એ ખાસ ધ્યાન રાખજો. અને છેલ્લે તમારા ઘરના પ્રસંગ હોય તેથી તમે વહુ દીકરીઓ પાસે રેકોર્ડ ડાન્સ કરાવો એ પણ શોભાસ્પદ નથી કારણ પીકચરની હીરોઈનો નાચતી હોય એવા હાવાભાવ લાવી આપણી બેટીઓ નાચે એ ખોટું જ છે. વળી ઘણા તો બોર પણ થતા હોય છે. વળી એકવાર કહીશ કે આ લેખ જનરલ જ લખ્યો છે. મને આમાંનો કોઈ પ્રોબ્લેમ નડતો નથી. આ તો ફક્ત રીવાજોની ભીતરમાં એક ડોકિયું જ કર્યું છે. અમલ થાય તો કરજો. લગ્ન યા બીજા કોઈ પણ પ્રસંગે ઈન્વાઈટીઝ ને હાલાકી ન પડે અને પુરુષોને તો આવા રીવાજોમાં ન ઘસડતાં દૂર રહે તે કરવું. મરજી આપ સૌની.

# અલાસ્કા ક્રુઝના સહારે દરિયાઈ સફરનો અનોખો અનુભવ

- ભગેશ ચં. કડકિયા

आपूर्यमाणम् अचल प्रतिष्ठं
समुद्रमाप : प्रविशन्ति यद्वत् ।
तद्व त्कामा यं प्रविशन्ति सर्वे
स शान्ति माप्नोति न काम कामी ।।

શ્રીમદ્ ભગવદ ગીતાના બીજી અધ્યાયમાં સ્થિતપજ્ઞના લક્ષણો બતાવતી વેળા ભગવાન શ્રી કૃષ્ણે સ્થૈર્યનો મહિમા સમુદ્રનું ઉદાહરણ આપીને ગાયો છે. અનેક નદીઓનાં પાણી સાગર પોતામાં સમાવવા છતાં તે શાંતિ ગુમાવતો નથી. તેની અચળ પ્રતિષ્ઠામાં કોઈ ફરક પડતો નથી. માનવજીવનને આ સિંધુ કેટલો મોટો બોધપાઠ આપી જાય છે?

આપણા મૂર્ધન્ય સાહિત્યસ્વામી શ્રી રા.વિ.પાઠકે પણ ઉદધિની વિશેષતા દેખાડી, આપણને વિકાસનો રાહ બતાવ્યો છે.

*''મને ઉદધિ, માન છે - પૃથ્વી આખી વીટીં વળી*
*અગાધ વિશ્વમાં કરે તું અવિરામ - ઘોષણાં !''*

સમસ્ત વિશ્વમાં વ્યાપી રહેલ દરિયો, ૐ કારનું સતત રટણ કરતો, તેની ગતિશીલતાનું લક્ષણ અને નામ-જપનો આદર્શ માનવ સમાજ સમક્ષ રજૂ કરે છે.

કવિ પૂજાલાલે પણ આ રત્નાકરના ગુણગાન છડેચોક ગાયા છે.

*''રેલાઈ આવતી છોને બધી ખારાશ - પૃથ્વીની*
*સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી''*

આવા વિશાળ હૃદયી, સર્વગુણ સંપન્ન, સાગર સાથે મૈત્રીનો હાથ લંબાવતા, પ્રેમથી નજદિક રહીને તેનો અભ્યાસ કરાવતા અમારાં ૧૬ સ્વજન - મિત્રોના સંઘ અલાસ્કા ક્રુઝની સફરનું AAA ના માધ્યમથી જૂન માસની મધ્યમાં એક અઠવાડિયા પૂરતું આયોજન કર્યું. આ માટે રોયલ કરેબિયન જૂથની ક્રુઝ The Radiance of the Sea" પર અમે પસંદગી ઉતારી. સન ૨૦૦૩માં બંધાયેલી આ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સભર ક્રુઝ સ્વયં એક અજનબી શી છે! તેમાં કુલ ૨૩૦૦ જેટલાં પ્રવાસીઓ તથા ૮૫૦ જેટલાં પરિચારકો સમાઈ શકે અને સૌને પૂરતી સગવડ મળી રહે, એ જ તેની વિશેષતા! ૧૩ મજલા ધરાવતી અને રંગબેરંગી રોશનીથી દીપતિ આ ભવ્ય ક્રુઝ તેના સ્વતંત્ર વ્યક્તિત્વનો પરિચય, તેમાં પ્રવેશતાં સૌ સાગર-પ્રવાસીઓને એમની સાહસ-યાત્રા દરમ્યાન કરાવી દીધો.

અમે એલાસ્કા એકવેઝ દ્વારા નેવાર્ક એરપોર્ટથી તા. ૧૯ જૂનનાં રોજ સફરનો પ્રારંભ કર્યો. અમારો સંઘ ત્રણ રાજ્યોમાંથી આવતો હોઈ સૌએ કેનેડાના - વેન્કુંવર પર ભેગા થાવાનું હતું. અમારી દરિયાઈ-સફરનું તે આંરભ-બિદું અમે વિમાન માર્ગે સિએટલ - કોમ્પ્યુટર વિશ્વનું અવ્વલ નંબરનું નગર આવ્યા ત્યાંથી વિમાન બદલી બે કલાક બાદ વેન્કુંવર આવ્યા. કેનેડાનું આ અગત્યનું બંદર સ્થળ-જળનો ઉત્તમ સંગમ અહીં જોવા મળ્યો. તેની સ્વચ્છતા, સુઘડતા ઊડીને આંખે વળગી જાય અને પહેલી નજરે જોવા મળી. અહીં પણ પ્રવેશવિધિ પૂરી કરીને અમને સૌ પ્રવાસીઓને પોતાના નામનું ચાવી કમ માસ્ટર કાર્ડ સોંપ્યું. જેમાં ત્રણ સુવિધાઓ સમાયેલી ક્રુઝની સ્વતંત્ર-રૂમ ખોલવા,

આઈડેન્ટી કાર્ડ તરીકે ક્રુઝમાં પ્રવેશવા તથા ક્રુઝના સ્ટોર્સમાંથી ખરીદી કરવા માસ્ટર કાર્ડ તરીકે તેનો ઉપયોગ થાય એમ હતો. આથી સૌ માટે તે મહત્વનું કાર્ડ બની ગયું. ક્રુઝનો પ્રવેશ પાંચમાં મજલાથી થતો હતો. પહેલાં ચાર મજલા પાણીની સપાટી તથા નીચેના ભાગોમાં હતાં. અમારો કામચલાવ નિવાસ આઠમા મજલે આવેલી બાલ્કનીવાળી કેબીનોમાં હતો. દરેક કપલ દીઠ એક કેબીનની વ્યવસ્થા હતી. સમુદ્ર સાથે સતત નાતો જળાઈ રહે, બાહ્ય દેખ્યો પ્રત્યક્ષ જોઈ શકાય અને છતાં સલામતી જાળવતી રહે તે આ બાલ્કનીની વિશિષ્ટતા! કેબીનમાં પણ ફાઈવસ્ટાર હોટેલ જેટલી સગવડો.

સાગર-સફરનો આટલો લાંબો મારો આ પ્રથમ જળ-પ્રવાસ. આથી મનમાં થોડીક મુંઝવણો હતો પણ હૈયે આનંદ સમાતો ન્હોતો. કેબીનમાં સામાન ગોઠવી બાલ્કનીમાં બેઠક જમાવી સામે અપાટ સમુદ્રના માત્ર જળ-દર્શન હવે કરવાના હતા. મન -બુદ્ધિ સાગરમય બની ગયા હતા. આ રત્નાકરના પેટાળમાં કેટલી જળ-સૃષ્ટિ, પ્રાણી સૃષ્ટિ અને રત્નોનો ભંડાર ભર્યાં છે. છતાં તેના વર્તનમાં નથી અભિમાન કે કોઈ અહંમનો ફંફાડો. માનવ માત્રને તે ખોરાક, પ્રાણવાયુ અને જળ આપે છે. તોયે તેમાં આછકલાઈનું દર્શન થતું નથી. આવા ભવ્ય સાગરની આપણી દરિયા-ખેડૂ સિંધિ પ્રજા, પૂજા કરે છે અને દરિયાલાલનો મહિમા ગાય છે. આપણે વણિક લોકો પણ નારિયેલી પૂર્ણિમાએ સાગર તટે પૂજન કરી, મત્સ્યોદ્યોગ માટે સફળતા તથા સાગર પ્રવાસ દરમ્યાન સાહસિકોની સલામતી ઝંખીએ છીએ. આ અવનિનો પોણો ભાગ રોકીને બેઠેલો આવો સાગર તેના વૈવિધ્યથી ભવ્ય દીસતો હતો.

૧૯મી ની સાંજે ૫ વાગે ક્રુઝની સફર શરૂ થવાની હતી. તે પૂર્વ સૌ પોતપોતાની કેબિનમાં સામાન ગોઠવી, માર્ચ પાસ માટે સેફટી બેલ્ટ પહેરી, કેપ્ટનના સંદેશા માટે, છઠ્ઠા મજલાના વિશાળ હૉલમાં એકત્રિત થયાં. સૌના મોં પર આ સાહસ યાત્રાનો ઉમંગ તરવરતો હતો. કેપ્ટને સૌને આવકારી દરિયાઈ સફર માટેની સહીસલામતીની બધી સૂચનાઓ આપી. જળ-પ્રવાસની આ પહેલી પગથી, ખુબ અગત્યની હોઈ સૌએ સમજવી રહી. અણધારી આફત વેળાનું તે કવચ ગણાય.

આ પ્રવાસ-ગાથાનો પ્રારંભ કરતાં પૂર્વે આપણી આ ક્રુઝનો આછેરો પરિચય સાધી લઈએ, જે તેના મોભાને છતો કરે છે.

પહેલા બીજા મજલે ક્રુઝના સાધનો, મશીનરી તથા મેડીકલ વિભાગ છે. ત્રીજા મજલે ક્રુઝના પરિચાકોનો આવાસગૃહ ચોથા પર પશ્ચિમી સંગત સતત પિરસાતું રહે અને સંગીતપ્રેમી પ્રવાસી તે સ્થળે બેસી તેનો આનંદ માણતાં રહે. જોડમાં એક બાર, જે નશાને હંમેશા, ચેતનવંતો રાખે. આસપાસમાં નાના -મોટા સમૂહની બેઠક વ્યવસ્થા ચોપાસે કાચની બારીઓમાંથી ક્રુઝની ગતિ તથા બાહ્ય પ્રકૃતિ નજરે પડે. આ કાર્યાલયમાંથી બધી સૂચના મળે, માર્ગદર્શન મળે અને ક્રુઝની કોઈ પણ ફરિયાદની દાદ મળે. બગલમાં આવેલ કાઉન્ટર પરથી, અલાસ્કા જ્યાં ક્રુઝ વિસામો લેવાની તે નગરોની અલગ-અલગ ટુરો-બસની સર્વીસ, હેલીકોપ્ટર તથા બોટીંગ વ્યવસ્થા વિગેરેની ટિકિટો તેમજ માહિતી મળે. એક તરફ અર્ધ-ગોળાકારે કાચથી મઢેલું આકર્ષક રોશનીથી ઝગારા મારતાં એલીવેટરો, જાણે તેજની લિસોટા જેમ નહી જતાં જણાય. પાંચમો મજલો બે વિભાગમાં વહેંચાયેલો છે. એક તરફ વિશાળ ડીનર-હૉલ, ફાઈવ સ્ટાર હોટેલનો જાણે. ડાઈનિંગ હૉલ જાઈ લો. બીજી

બાજુ શોપીંગ સેન્ટર તેમાં દેહ-લાલિત્યના પ્રસાધનોના વિધવિધ સ્ટોર્સ, પ્રવાસીઓના ગજવા હળવા કરવા અને મનવાંચ્છિત વસ્તુઓ પ્રાપ્ત કરવાના આકર્ષક કેન્દ્રો. તેમાં એક સ્ટુડિયો પણ ખરો. જ્યાં ફોટોગ્રાફીની બધી સામગ્રી મળે. બીજી તરફ બાર કમ રેસ્ટોરંટ. તેનો એક છેડો વિશાળ ઓડિટોરિયમને મળે. આ સભાગૃહના પરદા પર ચલચિત્રો બતાવાય. નાટકો, નૃત્યનાટિકા તથા સંગીતના કાર્યક્રમો રજૂ થાય. પાચંમે છઠ્ઠા મજલાને આવરી લેતાં આ સભાગૃહમાં અનેકનો સમાવેશ કરતી સુંદર બેઠક વ્યવસ્થા. મુંબઈના મેટ્રો જેવા થિયેટરમાં બેઠા હોઈએ, તેવી તેની રચના તે ભપકો, સ્ટેજ પર આધુનિક અનેક પરદાઓથી આવૃત્ત અને રંબેરંગી રોશનીઓ (જરૂર પ્રમાણે) ઉપયોગમાં લેવાય તેવો પરિણામે કોઈપણ કાર્યક્રમ તેમાં દીપી ઊઠે.

છઠ્ઠા મજલે એક તરફ દેખાવે સુંદર અને લાઈટોના ઝગમગાટથી શોભતો કેસીનો તેમાં રમતગમતના અનેક યંત્રો ચોતરફ ગોઠવેલાં. તેના પર દેશપરદેશના ખેલાડીઓ પોતાનું નસીબ અજમાવતા. બીજુ બાજુ સોફોઓથી શોભતો, બાર સાથેનો બેઠક ખંડ, કલાકૃતિઓ તથા સુદંર ભિંતચિતત્રોવાળો ખંડ, રમતગમતના સાધનો, બાર ડ્રમ રેસ્ટોરંટ અને વિશાળ સભાગૃહ. આ સભાગૃહમાં યોગના વર્ગો, નૃત્યના વર્ગો, બિગો જેવી રમતો, સંગીતની મહેફિલ વિગેરે યોજાય. અહીં સારા દિવસના કાર્યક્રોમનું આયોજન કરેલું હોય. એક ખુણામાં પાનાનાં શોખીનો માટે એક અલાયદો વિભાગ, બાર સાથે રાખેલો. અહીંના સભાગૃહમાં જ કેપ્ટનની કોકટેલ પાર્ટી, સ્વાગત પ્રવચન વગેરે ગોઠવેલાં.

સાતથી દસ મજલાં આવાસ-ગૃહોથી ભરેલાં પ્રવાસીઓની મોટી સંખ્યાને સમાવવા તેની અત્યંત આવશ્યકતા. તેમાં કેટલીક બાલ્કનીવાળી કેબિનો તો કેટલીક બાહ્ય દૃષ્ય જોવાય એવી બારીઓ ધરાવતી કેબિનો હતી. વચ્ચેનો ગુંબજ સમો, ઉપરથી છેક નીચે નજર કરી શકાય એવો રોશનીથી સુશોભિત ભાગ. ત્યાં અટારીએથી ઊભા રહી એલીવેટરની અવર-જવર જણાય અને લાંબે નજર કરીએ તો ક્રુઝની સફર પણ આંખે ચડે. દરેક મજલે વિધવિધ વિભાગો આ અર્ધગોળાકાર અવકાશમાં ગોઠવેલાં. નવમે માળે પુસ્તકાલય, પાંચ-છ મજલે બેઠક - ખંડો તથા પ્રતિક્ષા ખંડ વળી, ક્યાંક સ્ટોર્સ પણ આવેલા હોય.

અગિયારમાં મજલે એક તરઉ લંચ-હાઉસ, જે સવારના બ્રેક ફાસ્ટને લંચમાં ઉપયોગમાં લેવાય. ચોપાસે કાચની બારીઓ, જ્યાંથી બાહ્ય દૃષ્યો દેખાતાં રહે. બગલમાં બપોરના ચ્હા-પાણીનો ખંડ. બીજી તરફ ઉઘાડો તરણ-હોજ, ઝપુજી, બાર-રેસ્ટોરંટ ને બેઠક ખંડ ત્યાંથી ડોક જવાય. દાદર ચઢીએ તો બંધિયાર તરણ-હોજ અને જીમ, સિગાર પીનારા માટેનો અલાયદો ખંડ તથા ડેક આવેલા. બાર-રેસ્ટોરંટ લગભગ દરેક મજલે ક્યાંકને ક્યાંક નજરે પડે, જે પ્રવાસીઓના આનંદ-પ્રમોદ માટે અને એશારામ માટે ખૂબ જરૂરી . કટોકટી માટે લાઈફ બોટસ ક્રુઝની સાથે જોડાયેલી રહે,

તેરમાં મજલે કાચથી મઢેલો વિશાળ બેઠક-ખંડ (હોલ સમાન) તથા ડેકનો ઉપરનો ભાગ જ્યાંથી ચારેબાજુ સમુદ્ર - દર્શનનો લ્હાવો માણી શકો.

આમ ક્રુઝનો સળંગ પરિચય મેળવ્યા બાદ અમારી દિનચર્ચા પર નજર કરી લઈએ.

જૂન ૧૯મીની સાજં સુધી સૌ પ્રવાસી ક્રુઝમાં આવી ગયા અને પોતપોતાની કેબિનમાં ગોઠવાઈ

ગયા. બરાબર પાંચના ટકોરે ક્રુઝ સફર શરૂ થઈ. તે વેળા સૌ છઠ્ઠા મજલાના વિશાળ હૉલમાં કેપ્ટનની સલાહ-સૂચના માટે લાઈફબેલ્ટે પહેરી, એકઠાં થયાં. સ્વાગતપ્રવચન બાદ લોકો ચોતરફ લટાર મારવા ને ક્રુઝનો પરિચય સાધવા નીકળી પડયા સાંજે ૬.૩૦ ને ૮.૩૦ના બે ડીનર-વિભાગો, તમે અગાઉથી જેમાં નામ નોંધાવેલા હોય તેમાં (તે સમયે) ડીનર લેવા જવાનું. પાંચમો મજલો આ ડીનરથી મઘમઘતો અને પ્રવાસીઓની ખુશાલીથી ઓપતો જણાયો. રસોડા પૂરતાં ૩૫૦નો કાફલો, તેમાં ૨૫ ટકા હિંદીઓ હશે. આથી અમને ભારતીય ખોરાક મેળવવામાં ખાસ તકલીફ ના નડી. રાત્રીનું વાળુ કરી સૌ પોતપોતાની કેબિનમાં નિદ્રાંદેવીના શરણે વાસ્તવમાં, ગતિમાન ક્રુઝ હોવા છતાં કોઈના મન પર Sea-Sickness, હલનચલનની અસર ખાસ ના જણાઈ. સાગરના શાંત જળમાં તે સરતી હોય એમ સૌ અનુભવ્યું.

અમે ઉત્તર ધ્રુવ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. આથી દિવસ લંબાતો જતો હતો. સવારે પાંચે તો સુર્ય નારાયણે દર્શન દીધા. અમારા સદ્‌નસિબે અમને વાદળિયા દિન, વર્ષાનું તાંડવ કે ઘેરાયેલા વાતવરણનો કડવો અનુભવ ના થયો. પ્રભાતનો ઉષાકાળ માનવજીવનનો ઉત્તમ સમય. ત્યારે તમને તાજગી, નવો ઉત્સાહ અને તરવરાટ અનુભવી શકો. મન ત્યારે શાંત હોય, આથી ઈશ્વરનું સ્મરણ સહજ બને. ચોતરફ જળ અને ક્ષિતિજો પહાડો-વનશ્રીથી ઘેરાયેલી જોવા મળે. ક્યાંક જળચર પ્રાણીસૃષ્ટિ પણ દૃષ્ટિ ગોચર થાય.

પ્રાતઃવિધિ પતાવી કેટલાંક જોગીંગ માટે, મોર્નીંગ વોક માટે નીકળી પડે, તો કેટલાંક ચ્હાના રસિયા 'ચ્હા - દેવી મહાદેવી'ના દર્શને જાય. સવારના ૮.૦૦ પછી બ્રેકફાસ્ટ જેમાં દરેકને મનગમતી આઈટમો મળે. દિવસ દરમ્યાન સૌ પોતપોતાના મનગમતાં કાર્યક્રમોમાં જોડાય. પ્રથમ બે-દિવસ અમે ક્રુઝ પરિચયમાં ગાળ્યા. ત્રીજા દિવસથી અલાસ્કાના ગ્રામ્ય પ્રદેશો ગુંદવાના હતા. તેની વિગતો પછીના હપ્તે જોઈશું.

અહીં કલમ સમેરટા કવિ ત્રિભુવન વ્યાસની કેટલીક કાવ્ય પંકિતઓ હોઠ પર આવી ગઈ.

*"ઘોર કરીને ઘૂઘવે, ગરજે સાગર ઘેરે રવે!*
*કિનારાના ખડકો સાથે, ધિંગામસ્તી કરતો કરોત,*
*ફીણથી ફુંફાડા કરતો, ઓરો આને આઘો થાય*
*ને ભરતી-ઓટ કરતો જાય, ગાંડો થઈને રેલે તો તો*
*આખી દુનિયા જળબંબોળ જળબંબોળ!"*

આવા સમુદ્રદેવને નમસ્કાર કરી આપણે અહીં વિખરાશું.

**(ક્રમશ :)**




# ગણિત આંગળીના વેઢે




## (VEDIC MATHS)

- નિમિષા કીરણ પરીખ

You see, over 3000 year ago in our ancient India the Vedas devised a system of mental mwths around the way the mind naturally works. This system is sompletely different and far superior to the methods we use today. Most people have never even heard of it !!

If you can follow somple instructions then you can [erform maths in your head ! You would love the subject instead of fearing it !

The Sumple formula is used to perform instant subtraction is "All from 9 and last from 10"/

Say 100 Take all from 9 and last from 10
- 86 Take 8 from 9 = 1, 6 from 10=4
14

So 100-86=14, Say 86 is 14 less than 100. 14 is called the COMPLEMENT of 86. This always works for a number when all digits are zeros except first digit.

Similarly, 1000-357 = 643 (Taking all from 9 and last from 10)

9-3 = 6, 9-5 = 4 & 10-7 = 3

lets take 300000
-25713
274287 We subtract last digit 3 from 10 to get 7. Subtract the other digits from

9, 9-1=8, 9-7=2, 9-5=4, 9-2=7 & subtract 1 from the first digit to get 2.

Similarly, 5000-328 = 4672

This is what we do if the number we are subtracting has fewer digits then the one we are subtracting from.

20000000 we simply add zeros to
- 0052316 the number we are
19947684 subtracting to make up the extra digits.

We can perform subtractions from the left or from the right.

Here are some to try for yourself.

1000-283, 1000-505, 3000-569, 50000-38

Note : When there are nought (the figure 0) at the end, the last number is take from 10, (nought is not a number.) for e.g. 1000-740=260 i.e. from 9 is 2 and 4 from 10 is 6 and naught is just added at the end.

The principal we have applied above can be utilised for multiplying numbers when multiplier digits consist entirely of nine.

Lets take a small example,

2 x 9 = 1/8 here multiplicand is 2 and multiplier is 9.

First part of the answer is multiplicand - 1, i.e. 2-1 =1

Second part of the answer is complement of i.e. 10-2=8

3 x 9 = (3-1) / (10-3) = 2 / 7 = 27
4 x 9 = (4-1) / (10-4) = 3 / 6 = 36
5 x 9 = (5-1) / (10-5) = 4 / 5 = 45
9 x 9 = (9-1) / (10-9) = 8 / 1 = 81

Similarly

11 x 99 = (11-1) / complement of 11 is (100-11). Using all from 9 and last from 10. It is 89
= 10 / 89 - 1089

13 x 99 = (13-1) complement of 13 is (100-13) it is 87
= 12 / 87 = 1287

19 x 99 = (19-1) / complements of 19 is (100-19). it is 81
= 81 / 81 = 1881

Same Way

343 x 999 = 342 657

Where (343-1) / compliment of 343 using all from 9 and last from 10 we have

342 / 357 Where 9-3 = 6, 9-5 = 4 & 10-3=7

777 x 999 = 777-1 / 1000-777 (9-7 = 2, 9-7=2, 10-7 = 3) = 776/223 = 776223

9879 x 9999 = 9879 -1 / 10000-9879 (complement of 9879, 9-9 = 0, 9-8=1, 9-7=2, 10-9=1) = 98780121

2345432 x 9999999 = 2345432 - 1/ 10000000 - 2345432 = 2345431 / 7654568 ( 9-2 = 7, 9-3=6, 9-4=5, 9-5=4, 9-4=5, 9-3=6, 10-2=8) = 2345431 / 765568 = 23454317654568

Does this sound like math to you? Of course not, its fun!

We saw the examples when number of digits of multiplicand and multiplier are same, Now what when multiplicand consist of a smaller number of digits then multiplier?

Say 7x99=07-1/complement of 07 i.e. 100-07 (9-0 = 9, 10-7=3) = 93 so 06/93 =693

79 x 999 = 07

798 x 99999 = 00798 -1 / 100000-00798 (9-0 = 9, 9-0=9, 9-7=2, 9-9=0, 10-8=2) = 00797 / 99202 = 79799202

23x99999999 = 23-1 / 100000000-23 (9-0 = 9, 9-0=9, 9-0=9, 9-0=9, 9-0=9, -.2=7, 10-3=7)

= 22/99999977 = 2299999977

Here fill the blank (on the left) with the required number of zeros and procees exactly as before and then leace the zeros out.

Try this for yourself.7x9, 8x9, 12x99, 246x999, 2412x9999, 2x99, 81x999, 576x99999, 1203579 x 9999999.

We have methids for multiplyting any number with 9, 19, 29 etc. ie. any number ending with 9. It is very fast, truly an "at site' calculation/ Multiplying with single digit multiplicand can be done like lightning !

Say you want to multiply 29x6=174

You calculate this way.

The first digit of the multiplicand (2 of 29) is multiplied by the multiplier (6) ie. 2 x 6 = 12 and the product (12) is added to one less then the multiplier. (6-1) = 5. ...12 +5 =17

this is the first part of answer.

The second part is the complimetns of multiplier here it is (10-6) = 4

So the calculation would be 6x2=12, 12 +5=17 / compliment of 6 is 4. 17 / 4 = 174 and that works for all!

Take another example 49 x 7 = 343 Where 4 is multiplied by 7=28. + One less then the multiplier (7-1_ = 6 so 28 + 6 = 34 Second part is complement of 7 is 3. Si the answeer is 34/3 = 343

Always write the digits ending with 9 in the left. It is easier for the eye to follow and work out the calculation.

39 x 5 = 23 (first digit of multiplicand i.e. 3 is multiplied by multipkier i.e. 6 = 18m plus one less than the multiplier here it is 6-1 =5, so 18 + 5 = 23) / complement of 6 is 10-6 = 4, 23/4 = 234

119 x 5 = hete first two digits should be multiplied by multiplier 5 i.e. 11 x 5 = 55, Plus one less than the multiplier is 4, so 55 + 4 = 59 / complement of 5 (10-5 = 5) = 56/5 = 595

419 x 4 = 41 is multiplied by the multiplier 4 i.e. Plus one less than the multiplier i.e. 4-1 =3, so 164 + 3 = 167 / complement of 4 (10-4=6) = 167/4 = 1674

Try These for yourself.

29 x 7, 49 x 8, 79 x 2, 89 x 3, 129 x 3, 159 x 4

Hope the formula is clear to you by now !

This can be extended to two digits also. We will discuss that in the next issue.

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક - ૬)

◻ *જયંતિ કડકીઆ*

**મા-બાપ આઠ બાળકોને સંભાળી શકે છે જ્યારે આઠ બાળકો મા કે બાપને સંભાળી શકતા નથી.**

બબલીની બહેનપણી અમેરાકાથી આવી ગઈ. બંન્ને બહેનપણીઓને એકબીજાને મળી આનંદ થયો. થોડી વાતચીત કર્યા બાદ બબલીએ કહ્યું તું થાકી ગઈ હોઈશ એટલે એક બે દિવસ આરામ કર પછી આપણે ફરીથી મળીશુ ત્યારે મારે અમેરિકા વિષે જાણવું છે. તું મારે ઘરે જમવા આવજે અને બબલાને અમેરીકા માટે સમજાવજે.

બંન્ને બહેનપણીઓ નક્કી કર્યા મુજબ અમેરીકાથી આવેલી બહેનપણી બબલીની ત્યાં શનીવારે જમવા આવી. બબલો ઘરમાં જ હતો. બબલીએ તેની બહેનપણી જમવા આવવાની છે તે વાત બબલાને અગાઉથી જાણ કરી રાખી હતી. જેથી બબલો શનીવારે કોઈ કાર્યક્રમ રાખે નહિ અને અમેરિકા વિષે વાતચીત કરવાની છે તેની જાણ કરી હતી.

બબલીની બહેનપણીએ કહ્યું,'મારી સાસુને બધા જોવા આવે છે ત્યારે છોકરાઓ તેમના મા-બાપને કેવી રીત હેરાન કરે છે તે અંગે વાતચીત થાય છે. મને તો આમાં કંઈ જ સમજ પડતી નથી. લોકો તહેર તહેરની વાતો કરે છે તો આ શું છે?'

બબલાએ કહ્યું કેટલા છોકારઓ પિતાના મુત્યુબાદ માને ફોસલાવી માની જ્ગાય તેમજ પૈસા પચાવી પાડે છે. એક માને ચાર દિકરા હતા. તેમાં ત્રણ દિકરા બાપાના ધંધામાં સાથે હતા જ્યારે ચોથો દિકરો બાપની હયાતીમાં જુદો થઈ ગયો હતો. જ્યારે ત્રણ દિકરાઓએ પૈસા ગુમાવ્યા ત્યારે માની જ્ગ્યા અને રૂપીયા પર નજર કરી અને માની જગ્યા અને રૂપીયા વિશ્વાસમાં લઈ બધું લાખવી લીધુ અને માને નિસહાય કરી નાખી. ત્યારે જે દિકરો બાપાન જીવતાં છુટો થયો હતો તેને માને કહ્યું અમે બંન્ને નોકરી કરીએ છીએ તું અમારી સાથે રહેજે. ઘર સંભાળજે. આમ ઘરડી માને આ ઉમંરે કામ કરવાનો વખત આવ્યો. જીવનમાં ઘરના બધા જ છોકરાઓ ખરાબ હોય છે એમ નથી પણ પોતાના સંતાનોમાંથી કોઈ સારા પણ હોય છે.

બબલીની બહેનપણીએ કહ્યું,'છોકરાઓ મા-બાપને મારે છે તે વાત સાચી છે?'

બબલાએ કહ્યું મારા ધ્યાન મુજબ અત્યાર સુધી પાચં દાખલા બન્યા છે. જેમાંથી ચાર જણાને માની સામે બાપને માર્યા છે. જ્યારે પાંચમા દાખલામાં વિધુર બાપને માર્યો છે. છેલ્લે છોકરાઓએ વિધવા માને પણ મારી છે. આ બધામાં ઝઘડાનું કોઈ કારણ હોય તો જગ્યા છે. આ શહેરમાં જગ્યાનો મોટો પ્રશ્ન છે. જો શહેરમાં રહેવું હોય તો જેવી જગ્યા તેવા લાખો રૂપીયા આપવા પડે છે. પરંતુ પરાંમાં રહેવા જવું હોય તો થોડા ઓછા એટલે શહેર કરતાં ત્રેત્રીસ ટકામાં જગ્યા મળે છે. પરંતુ આ લાખો રૂપીયા લાવવા ક્યાંથી એટલે જગ્યા માટે કોઈને કોઈ કારણસર ઝઘડા થાય છે ત્યારે આવા નધર્મો કાર્ય કરે છે. બબલીની બહેનપણીએ કહ્યું,'લોકો મા-બાપને સારી રીતે રાખતા નથી તે સત્ય છે?'

બબલાએ કહ્યું થોડા વખત પહેલાં બાગબાન સિનેમા આવ્યો હતો. તેમાં મા-બાપને ચાર દિકરાઓ હતા. આ કુટુંબ મોજમઝા કરતું હતું. જ્યારે બાપ રીટાર્ય થઈ છોકરાઓને રૂપીયા આપી દે છે ત્યારે છોકરાઓ સમજે છેકે બાપા પાસે હવે રૂપીયા રહ્યાં નથી. તેથી છોકરાઓ જુદા થઈ જાય છે. હવે પ્રશ્ન આવે છે કે મા-બાપને કોણ રાખે ત્યારે છોકરાઓ મા અને બાપને જુદા

જુદા રાખવાની તૈયારી બતાવે છે અને લાચાર મા-બાપ ન છુટેક આ શરત મંજુર રાખી તેઓ બે છોકરાઓની ઘરે જુદા જુદા રહેવા જાય છે. પરંતુ આ જમાનામાં ટેલીફોનનની સગવડ હોવાથી તેઓ એકબીજા સાથે વાતચીત કરી સંતોષ માને છે. તેવી જ રીતે આપણા ગામમાં પણ બે ત્રણ દાખલા બન્યા છે. પરંતુ તેઓ પાસે ટેલીફોનની સગવડ પણ નથી જેથી કે તેઓ એકબીજાની સાથે વાતચીત કરી શકે. મુત્યુ સુધી મા-બાપ જુદા રહ્યા. બબલીની બહેનપણીએ કહ્યું,'મા વિધવા હોય તો પણ છોકરાઓ માને સારી રીતે રાખતા નથી તે સત્ય છે?'

બબલાએ કહ્યું. મા વિધવા હોય અને ત્રણ-ચાર પુત્રો હોય તો તેવા છોકરાઓ માને રાખવા માટે એક એક મહીનાનો વખત નક્કી કરે છે. દરેક મહિનાની પહેલી તારીખે માને એક દિકરાના ઘરેથી બીજા દિકરાની ઘરે મુકવા જાય છે. જેની ઘરે મા રહેતી હોય તે દિકરો ક્યારે પહેલી તારીખ આવે અને માને બીજા દિકરાની ઘરે મુકી આવે તેની રાહ જોતા હોઇછે. આ બધુ પાંચ દશ ટકા બને છે. એક મા-બાપ આઠ-દશ છોકરાઓને સાથે રાખી મોટા કરે છે જ્યારે આઠ-દશ છોકરાઓ મા કે બાપને રાખી શકતા નથી. બધા છોકરાઓ ખરાબ છે એવું નથી પણ ઘણા સાર છોકરાઓ મા-બાપનું પુરતુ ધ્યાન રાખે અને મા-બાપને તકલીફ ન પડે તેની ચિંતા કરનારા હોય છે. બબલીએ કહ્યું,'વિધવા સ્ત્રી અને વિધુર પુરુષનું ઘડપણ બહુ ખરાબ હોય છે એમ જ છે?'

બબલાએ કહ્યું, વિધુર પુરુષ ગમે તેમ કરી જીંદગી પુરી કરી શકે છે કારણ કે તેની પાસે જીંદગીનો અનુભવ હોય છે અને જમાના પ્રમાણે જીવવાનું શીખી જાય છે જ્યારે પહેલાનાં વખતમાં સ્ત્રીઓ ખાસ ભણેલી ન હતી. તેથી તેઓને સોસવાનુ બહુ આવતું હતું. પહેલાના જમાનામાં બાળલગ્નો થતાં અને પુરુષનું મુત્યુ થતાં બાળવિધવા થતાં આવા બાળ વિધવા સ્ત્રીઓને બાકીની આખી જીંદગી મોસાળમાં મા-બાપ કે ભાઈઓના આશરે જીવવુ પડતું અને તે જમાના પ્રમાણે વાર્ષિક રૂા. ત્રીસ ચાલીસ ખાધા ખર્ચી આપવામાં આવતી. આજેપણ એવી સ્ત્રીઓ છે જેમને ઉપર જણાવ્યા પ્રમાણે ખાધાખર્ચી મળે છે. તે જમાનામાં ભાઈઓ પણ સારા હતા. તેઓ વિધવા બહેન પ્રત્યે મા-બાપના મુત્યુ પછી પોતાની જવાબદારી સમજતા હતા અને બહેન જીવે ત્યાં સુધી સારી રીતે રાખતા હતાં.

બબલાએ આગળ જણાવ્યું કે તે જમાનામાં સ્ત્રીનું મુત્યુ થાય તો બીજે જ વર્ષે પુરુષ ફરીથી લગ્ન કરી શકતો. આવા બીજ પરણેતર સ્ત્રી-પુરુષ વચ્ચે પાંચથી પચ્ચીસ વર્ષનો અંતર રહેતું હતું. મોટા અંતરવાળા લગ્નમાં સરવાડે પુરુષને સહન કરવું પડતું હતું. પાંચ-સાત કેશોમાં સ્ત્રીઓ પુરુષોને મારે અને પુરુષ મારા ખાતો જાય અને બોલે લે લેતી જા. આમ બનતું હતું.

બબલીએ કહ્યું હવે આડી અવડી વાતો મુકો અને અમેરીકા જવા માટે વિચારો. મારી બહેનપણી અમેરીકા વિષે તમારે જાણવું હશે તે કહેશે.

બબલાએ વિચાર્યું કે બબલીના મગજમાંથી કાયમી અરેમીકા જવાનુ ભુત કાઢવું હશે તો બીજો રસ્તો વિચારવો પડશે આ વિચારે તેને કહ્યું તારી બહેનપણી એક માસ માટે આવી છે તો વાત ફરી પણ છશે અત્યારે શું કહ્યું તે શાંતિથી સાંભળ. પછી તારે જે કહેવું હોય તે કહેજે.

નાના-નાની પાર્ક તરફથી કલક્તા -ગંગસાગર-જગન્નનાથપુરી - ચંપારણય ટુર જાય છે જો આપણે જઈએ તો મઝા આવશે. આ ટૂર તારી બહેનપણીના ગયા પછી જવાની છે. એટલે તમારો વિયગો પણ થશે નહિ અને આપણે ફરવાનું થશે. આ વખતે આપણે અમેરીકા અંગે વિચાર કરીશું. ફરવાનું થશે અને વિચારવાનું પણ થશે.

બબલીને બહેનપણીએ કહ્યું હું તમને અહીં જે કંઈ કહ્યું તેના કરતાં તમો ત્યાં આવો ત્યાની જીંદગી જુઓ પછી તમારે જ નિર્ણય લેવો હોય તે લેજો. અત્યારે તમારે મને જમાડવી છે કે ભુખી રાખવાની છે.

*(ક્રમશ :)*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

બહેનો પહેલાં તો એવું હતું કે ફક્ત ડીસેમ્બરમાં જ લગ્ન રાખવામાં આવતા પરંતુ હવે તો જાન્યુઆરીમાં પણ એટલાં જ લગ્ન અને ફેબ્રુઆરીમાં પણ એટલાં જ લગ્ન છે. જેથી મહિલા મંડળના પ્રોગ્રામમાં થોડો ફેરફાર કરવો પડયો છે. ૩ જી ફેબ્રુઆરીએ બે-ત્રણ લગ્ન હોવાથી પીકનીક તારીખ ૫ મી ફેબ્રુઆરી, શનિવાર કરવામાં આવી છે. માટે જેઓએ નામ લખાવ્યું છે તેઓ મને ફોન કરી કન્ફર્મ કરી લે અને બીજાપણ જેમને નામ લખાવવાના હોય તેઓ ૨૫ જાન્યુઆરી પહેલા નામ આપી દે તો જ ત્યાં બુકીંગ કરાવાય.

શાંતિસાગર - સવારે ૭.૦૦ વાગે

સ્થળ : ગોવાલિયાટેંક થી બસ ઉપડશે

રૂા. ૨૫૦/- ભરવાના રહેશે. જેમાં સવારના નાસ્તો, બપોરે લંચ, ચા-કોફી નાસ્તો અને રાતે ડીનર ઉપરાંત બસના બંન્ને ટાઈમના પૈસા આમાં આવી જશે. અને આમાં પાણીમાં હીંચકની રાઈડસ ખઊબ જ સરસ છે. સાથે રમત-ગમત અને ગીફટની મજા તો કંઈક અલગ જ છે. માટે બને તેટલું જલ્દીથી નામ લખાવી ગીફટ કુપન મેળવી લેશો.

***- સંયોજક - રત્ના કડકીયા***

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપર્યુક્ત મંડળની ઈ.સ. ૨૦૦૪-૦૫ની કાર્યવાહક સમિતિની બીજી સભા, મંગળવાર તા. ૨૧.૧૨.૦૪ના દિને સાજે ૬.૪૫ કલાકે, શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસમાં મળી હતી.

ગત સભાની કાર્યનોંધનું વાંચન મંત્રીશ્રી જતીન દેસાઈએ કર્યું હતું. આજની સભાના મુખ્ય એજન્ડા અંગે રજૂઆત કરતાં એમણે જણાવ્યું કે મનહરલાલ કડકીઆ (મલમ) તરફથી રૂા. ૨,૫૦,૦૦૦/-ના દાનની ઓફર મંડળને પ્રાપ્ત થઈ છે. સદર દાનની ઓફરનો આજની સભાએ સ્વીકાર કરતાં દાતાનો આભાર માન્યો હતો.


**સ્વ. શ્રીમતી ચંદનબેન મણીલાલ ચંદુલાલ કડકીઆનું** નામ ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના પ્રાર્થના ખંડને આપવાની એમની શરતી ઓફરને કારોબારીએ સ્વીકારી હતી.

આ સિવાય પ્રમુખશ્રી નટવરલાલ કડકીઆએ બાલાસિનોરના પોતાના નિવાસ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ વિશે સવિસ્તાર માહિતી આપી હતી. બંન્ને શાળાઓ - ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ અને પી.વી. વિદ્યાલયમાં સમારકામ માટે ભંડોળ એકઠું કરવા વિચારણ કરવામાં આવી. અને એ અંગેના ખર્ચનું બજેટ તૈયાર કરી યોગ્ય અપીલ બહાર પાડવા નક્કી થયું. દરમ્યાન પી.વી. વિદ્યાલય માટે તાત્કાલિક સુથારકામ માટે રૂપિયા એક લાખનું બજેટ મંડળના ભંડોળમાંથી ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો.


આજીવન સભ્ય શ્રી .......ભીખાલલા ધારીઆના અવસાનની નોંધ લઈ પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી.

***પ્રવીણ દેસાઈ, જતીન દેસાઈ - મંત્રી***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત



# મેરેજ બ્યુરો



શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ છેલ્લા ૩૬ વર્ષોથી બાલાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિ સાથે કૌટુંબીક રીતે સંકળાયેલું છે. આ સંસ્થા તરફથી લગ્ન બ્યુરો દ્વારા દરેક લગ્ન વાન્છુક કુટુંબોને હૃદયપૂર્વક સંપુર્ણ સાથ સહકાર સાથે મદદરૂપ થવા માગીએ છીએ તો દરેક ઉમેદવારોએ ફોર્મ ભરવા વિનંતી છે.

ફોર્મ નીચે જણાવેલ સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ મળ્યા પછી અમારો સંપુર્ણ સહકાર આપશું, આપની સાથે વિચારોની આપ લે કરી મુલાકાત પણ ગોઠવી આપીશું તથા જરૂર પડે જન્માક્ષર પણ મેળવી આપશું.

ખાસનોંધ : આ સાથે જણાવવાનું કે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ અખીલ ભારતીય દશાનીમા વણીક સમાજના સંપર્ક અને સહયોગમાં છે. બાલાસિનોર બહારના દશાનીમા વણીક જ્ઞાતિના ઉમેદવાર સાથે મુલાકાત ગોઠવી નક્કી કરી આપશું તથા તેના લગ્ન મેળાવળામાં પણ આપની ઉમેદવારી નોંધાવી આપશું.

આપના સહકારની અપેક્ષા

*નિમિષ મનહરલાલ કડકીઆ (મલમ) - સંયોજક*

## મેરેજ બ્યુરોની સમિતના નામ નિચે મુજબ છે

| | સભ્યોના નામ | ટેલી.નંબર (ઓફીસ) | ટેલી નંબર (ઘર) |
|---|---|---|---|
| ૧) | નિમિષ મનહરલાલ કડકિયા (મલમ) | ૨૩૪૪૪૫૫૫ | ૨૩૬૭૪૪૫૧ |
| ૨) | મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૪૨૩૫૩૪ | ૨૩૮૫૬૨૪૯ |
| ૩) | રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) | ૨૨૦૪૪૫૨૨ | ૨૩૬૭૯૫૮૭ |
| ૪) | રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૨૧૩૧૭ | ૨૫૧૬૦૭૭૧ |
| ૫) | દક્ષેશ બાબુલાલ કડકિયા (લટકારી) | ૨૩૪૩૯૯૫૮ | ૨૩૮૬૮૪૩૦ |
| ૬) | રાજેશ કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) | ૨૨૦૬૯૧૯૬ | ૨૩૮૦૦૭૬૨ |
| ૭) | ઉર્વિશ રસિકલલા મોદી (દેવ) | ૨૮૫૦૫૮૧૪ | ૨૩૬૭૨૬૭૯ |
| ૮) | ગાંધી નિતિન પ્રવિણચંદ્ર | ૨૨૦૮૪૬૭૯ | ૨૬૨૦૨૪૩૪ |
| ૯) | પરેશ રસિકલાલ પરીખ (દુધવાલા) | ૨૩૪૨૪૦૯૬ | ૨૪૯૪૫૨૫૬ |
| ૧૦) | સુરેખાબેન શરદભાઈ કડકિયા (ટોકરશી) | ----- | ૨૩૬૭૭૯૪૯ |
| ૧૧) | દીપીકાબેન સુધીરભાઈ ગાંધી | ----- | ૨૪૩૦૯૯૮૩ |
| ૧૨) | નીનાબેન નીકુંજભાઈ કડકીયા (મલમ) | ----- | ૨૩૬૭૩૪૨૦ |
| ૧૩) | મુન્નીબેન પ્રકાશભાઈ ધારીયા | ----- | ૨૩૬૭૭૭૮૭ |

# વકીલ મિત્રોની મૈત્રીનો કોલ

૧. જે પણ કોઇ વ્યક્તિને કાયદાકીય સમસ્યા હોય તેઓએ નિખિલ પરીખ (ફોન : ઘર : ૨૩૮૨૨૫૧૦, ઓ: ૨૪૪૪૯૯૨૯ મો: ૯૮૨૧૩૨૬૪૩૨) નો સંપર્ક કરવો. સમસ્યા જે ક્ષેત્રમાં આવતી હશે એ ક્ષેત્રના વકીલોનો સંપર્ક કરીને મહિનામાં ફક્ત બે વખત મંડળની ઓફિસ અથવા નક્કી કરેલા કોઇ પણ સ્થળે મીટીંગ ગોઠવી આપવામાં આવશે આપની સમસ્યાની સીક્રસી રહે અને ખાનગી વાતની ચર્ચા બીજા કોઇના મોઢે ન થાય એની ખાસ તકેદારી લેવામાં આવશે કારણ કે આ બાબતમાં વિશ્વાસ અને ગોપનીયતા મોટી વસ્તુ હોય છે. મીટીંગ દરમિયાન પણ અન્ય કોઇ વ્યક્તિ હાજર રહેશે નહીં. એક બે અથવા જરૂર પડે તો વધુ વકીલો આપની સમસ્યાનું ચર્ચા દ્વારા નિરાકરણ લાવવા પ્રયત્ન કરશે.

૨. આ વ્યવસ્થામાં વકીલોની જવાબદારી ફક્ત સાચી સલાહ આપવાની તથા યોગ્ય માર્ગદર્શન આપવાની રહેશે. વધુ કાયદાકીય પગલાં માટે આપણા વકીલમિત્રો જવાબદાર રહેશે નહીં.

૩. પત્ર દ્વારા પણ આપ આપની સમસ્યાનો ઉકેલ મેળવી શકશો. સામાન્ય બાબતોના પ્રશ્નોનો ઉત્તર જ્યોતિપુંજ દ્વારા પ્રકાશીત કરવામાં આવશે જેથી બીજા આવી જ સમસ્યાવાળા લોકોને માર્ગદર્શન મળી રહે. આ ઉપરાંત બીજી કેટલીક સામાન્ય બાબતોની ચર્ચા પણ જ્યોતિપુંજ દ્વારા કરવામાં આવશે.

૪. સામાન્ય બાબતો જેવી કે વીલ બનાવવા શું કરવું ? નવી જગ્યા લેવી હોય તો ક્યા કાગળીયા કરવા કે ક્યાં રજીસ્ટ્રેશન કરાવવું જેવી બાબતોની ચર્ચા જ્યોતિપુંજમાં કર્યા પછી આપણી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે જેથી ભવિષ્યમાં પણ એનો ઉપયોગ થઇ શકે.

૫. ચર્ચા, સમસ્યા અને નિરાકરણ બને તો અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં આપવામાં આવશે જેથી નવી પેઢી પણ એનો લાભ લઇ શકે.

૬. નાના, મોટાં, યુવાનો વૃધ્ધો, મહિલાઓ કોઇ પણ જાતના આર્થિક બેક ગ્રાઉન્ડ વગર પોતાની સમસ્યા માટે માર્ગદર્શન મેળવી શકશે. આ ઓછી આવક વાળા માટેની રાહત યોજના નથી. કારણ કે લાખો રૂપિયા ખર્ચીને પણ સાચી સલાહ, કોઇ પણ સ્વાર્થ વગર, મેળવી શકાતી નથી અને અહીં આપણા વકીલ મિત્રોની ભાવના મદદરૂપ થવાની, સાચી સેવા કરવાની છે. એટલે પૈસાદાર વર્ગ પણ સેવાનો લાભ લે એ આવકાર્ય છે.

૭. વકીલ મિત્રો પાસે અનેક પ્રકારના કેસો અનેક પ્રકારના લોકો આવતાં હોય છે. આપણે સાંભળી પણ નહોય એવી સમસ્યાઓનું નિરાકરણ તેઓએ કર્યું હોય છે. માટે તેઓનો અનુભવ આપણને કાઉન્સેલીંગની દ્રષ્ટિએ પણ મદદરૂપ થશે. આપની સમસ્યાઓ માટે કાયદાકીય માર્ગદર્શન તો મળશે જ પણ એક કાઉન્સેલર તરીકે તેઓ એ પણ જોશે કે આપની સમસ્યાનું માનવીય દ્રષ્ટિએ સામાજિક દ્રષ્ટિએ સમજાવટથી સમાધાન થાય કોઇ સંબંધો કાયમ માટે તોડતાં પહેલાં સાચી દ્રષ્ટિએ એને મુલવીને એ સંબંધો સચવાઇ રહે એ દ્રષ્ટિએ આપણને આપણા વકીલ મિત્રો માર્ગદર્શન આપી શકશે.

૮. આપે કોર્ટમાં જવાનો નિર્ણય લઇ લીધો હોય છતાં પણ જેમ ઓપરેશન પહેલાં સેકન્ડ ઓપીનીયન લઇએ એમ આપણા મિત્રોની સલાહ લેવામાં શું વાંધો છે આ મિત્રો તમારું ખરાબ નહીં જ થવા દે અને તમને સાચો રસ્તો બતાડશે પછીનો નિર્ણય તમારો એકલાનો હશે.

વિવિધ સમસ્યાઓ જે આપણા સમાજને લાગેવળગે છે તે છે. ચોરી, હાથાપાઈ, અકસ્માત, વસીયતનામું (વીલ), લગ્ન, છુટાછેડા, પ્રોર્ટીના ઝગડા, નવી મિલકતની ખરીદી વેચાણ, સોસાયટીને લગતી સમસ્યા, રેન્ટ એક્ટ, ધંધાકીય, બેન્કને લગતી સમસ્યા, કામદારોની સમસ્યા, સ્ત્રીની થતી સતામણી વગેરે સમસ્યાઓને આપણે આવરી લેવા પ્રયત્ન કરીશું.

***- શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વતી - નિખિલ પરીખ.***

# શ્રી વાડિસનોર દશાનીમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ વાડાસિનોર મેડીકલ સેન્ટરને દાનમાં પ્રાપ્ત થયેલ આધુનિક બલ્ડ એનલાઝર મશીન

તા. ૨૩ ઓક્ટોબર ૨૦૦૪ના શનિવારના રોજ સવારે બાયર ઈન્ડિયાનું આધુનિક મશીન મેડિકલ સેન્ટરે વસાવેલ તેનું ઉદ્‌ઘાટન દાતા ટ્રસ્ટી શ્રીમતી સોહીનીબેન યોગેશકુમાર કડકિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રીમતી મીલૌની હર્ષદકુમાર ભટ્ટે તેમના પૂજ્ય માતુશ્રી શ્રીમતી દિપીકાબેન અશ્વિનકુમાર શાહની યાદમાં વાડાસિનોર મેડિકલ ટ્રસ્ટને મશીન લેવા માટે દાન આપ્યું હતું.

ઉદ્‌ઘાટન વિધિની શરૂઆતમાં માનદ્ મંત્રી શ્રી યોગેશ ધારિયાએ હાજર રહેલા કારોબારીના સભ્યો, જ્ઞાતિના ડૉકટરો, વડીલોનો ટુંક સમયમાં આપેલ આમંત્રણને માન આપી હાજર રહેવા બદલ આભાર માન્યો હતો. મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. ગવરનીંગ કાઉંનસીલના કન્વીનર શ્રી રસિકભાઈ લાકડાવાળાએ ડૉકટરોનો સહકાર માન્યો હતો અને જ્ઞાતિના લોકોને લાભ લેવા વિનંતી કરી હતી. દાતા ટ્રસ્ટી સોહીનીબેનનું બહુમાન કર્યા પછી તેમના હસ્તે નવા મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રીમતી સોહીનીબહેને મેડીકલ સેન્ટમાં તેમની સેવા આપવાની ઈચ્છા દર્શાવી હતી તે સહર્ષ સ્વીકારવામાં આવી હતી. માનનીય પ્રમુખ શ્રી રજનીભાઈ કડકીયા (લટકારી)એ નવા મશીનથી થનાર ફાયદા અને ટેસ્ટોની માહિતી આપી હતી. આ પ્રસંગે હાજર રહેલા જ્ઞાતિના સભ્યોએ બલ્ડ ટેસ્ટ કરાવ્યા હતાં.

આ નવા બ્લડ એનલાઈઝર મશીનથી જે બ્લડના ટેસ્ટ ફરજીયાત બહાર આપવા પડતા હતા તે હવે મેડિકલ સેન્ટરમાં જ થઈ શકેશે. આ મશીન ઘણું જ લોકપ્રિય છે અને તેનાથી થનાર ટેસ્ટના રીઝલ્ટ લાભયુક્ત હોય છે. મંડળ અને મેડિકલ ટ્રસ્ટના હોદ્દેદારો, મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓમાં સક્રિય લાભ લઈ તેના વિકાસ માટે કટિબધ્ધ છે. શનિવારે સવારે ૧૦.૪૫ થી ૧૧.૧૫ સુધીમાં પ્રમુખ રજનીભાઈ લટકારી, મંત્રી યોગેશ ધારીયા, ગવરનીંગ કાઉન્સીલના કન્વીનર રસિકભાઈ લાકડાવાળા, સતીષભાઈ પરીખ (વકીલ), શરદભાઈ દેસાઈ, મેડિકલ સેન્ટરમાં હાજરી રહી સેન્ટરની પ્રવૃત્તિના વિકાસ માટે કાર્યરત રહે છે.

મેડિકલ સેન્ટરમાં બે નવા ટેકનિશિયનો રાખવામાં આવ્યાં છે. લોકોની વિનંતીને માન આપી ૧ લી જાન્યુઆરી થી સેન્ટરનો સમય નીચે પ્રમાણે રહેશે.

સવારે ૭ થી સાંજના ૬.૩૦ સુધી. ઉપનગર બોરીવલી અને કાંદીવલીમાં સેન્ટરની પ્રવૃત્તિઓ ચર્ચા વિચારણા કર્યા બાદ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

વાડાસિનોરવાસીઓને મેડિકસ સેન્ટરનનો વધુ લાભ લેવા વિનંતી. મેડિકલ સેન્ટરની પ્રગતિ ખામીઓ અને ઉત્કર્ષ માટે શ્રી યોગેશ ધારિયા અને રસિકભાઈ લાકડાવાળાનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

**(૧) શ્રી યોગેશ ધારીયા :** ક્રેસેન્ટ ઈલેકટ્રીકલ્સ, બોટાવાળા બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ૪૭૫, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨, ફોન : ૫૬૩૫૬૭૦૫ મો.નં.: ૯૮૨૧૫૪૪૯૫૮.

**(૨) શ્રી રસિકભાઈ લાકડાવાળા :** ૭૦૪, શીરીન એપાર્ટમેન્ટ, ગંગા જમના સીનેમા સામે, તારદેવ રોડ, મુંબઈ-૭. ફોન : ૨૩૮૦૪૮૫૪ મો.નં.: ૯૮૨૧૧૨૭૧૪૫

*- યોગેશ ધારીયા, પકંજ ધારીયા*
*મંત્રી*

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

ઉપર્યુક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા બાદ મળેલી કાર્યવાહક સમિતિની બેઠકમાં નીચે મુજબ હોદ્દેદારોની વર્ષ ૨૦૦૪-૦૫ માટે નિમણુંક કરવામાં આવી હતી.

| | |
|---|---|
| શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) | પ્રમુખ |
| શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડીઆ) | ઉપપ્રમુખ |
| શ્રી સતીષ ભીખાલાલ પરીખ (રોકડીઆ) | ઉપપ્રમુખ |
| શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ | માનદ્ મંત્રી |
| શ્રી કિરિટ રમણલાલ કડકીઆ (મલમ) | માનદ્ મંત્રી |
| શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |
| શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડીકા (ખીસાદાર) | ખજાનચી |

**નવા ચૂંટાયેલ સભ્ય :**
શ્રી બિપીની કીર્તનલાલ દોશી
**નિયુક્ત સભ્ય** શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ (P.K.Shah)
શ્રી શરદ નટવરલાલ દેસાઈ

મંડળની વાર્ષિક સામાન્ય સભામાં થયેલ રજૂઆતના અનુસંધાનમાં 'સ્વૈચ્છિક શૈક્ષણિક સહાય યોજના' હેઠળ નીચે મુજબ દાતાઓ તરફથી રકમ આજ દિન સુધી પ્રાપ્ત થયેલ છે.

| | |
|---|---|
| શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) | ૫,૦૦૦/- |
| શ્રી રસિકલાલ કોદરલાલ શાહ (ડામરવાળા) | ૨૫૦૦/- |
| શ્રી વિનીત તથા ઉર્વીશ રસિકલાલ મોદી (દેવ) | ૫૦૦૦/- |

**પારિતોષિક યોજના હેઠળ પ્રાપ્ત ન્યાસફંડ**

| | |
|---|---|
| ૧. ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી | ૧૧,૦૦૦/- |
| ૨. શ્રી હીરાલાલ મણીલાલ પરીખ (ડાબલી) | ૧૧,૦૦૦/- |
| ૩. શ્રીમતી કોકિલાબેન હીરાલાલ પરીર | ૧૧,૦૦૦/- |
| ૪. શ્રી શ્રેયસ હીરાલાલ પરીખ | ૧૧,૦૦૦/- |
| ૫.સ્વ. શાંતાબેન પૂનમચંદ કડકીઆ (હાલોલવાળા) | ૧૧,૦૦૦/- |

તેમના સુપુત્રો શ્રી જંયતભાઈ તથા શ્રી નવીનભાઈ તરફથી

| | |
|---|---|
| ૬. તારાબેન શાંતિલાલ કડકીઆ | ૫,૦૦૦/ |

હસ્તે શ્રી રાજેશ શાંતિલાલ કડકીઆ

(આગળના રૂા. ૬૦૦૦/-માં આ રકમ ઉમેરતાં ન્યાફંડની કુલ રકમ રૂા. ૧૧,૦૦૦/- થાય છે.)

મંડળના કાર્યકર્તાઓ તેમજ ટ્રસ્ટી વતી દાતાઓને હાર્દિક અભિનંદન.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***
***- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ્ મંત્રીઓ***

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

### 'વ્રજમાધુરી' પુસ્તકના મનોરથી વૈષ્ણવો

ઉપરોક્ત સમાજ પ્રકાશિત 'વ્રજ માધુરી' પુસ્કતની દ્વિતિય આવૃત્તિ માટે જે ભાઈ-બહેનોએ નામ લખાવ્યાં છે તે મનોરથી વૈષ્ણવોને વિનંતી કે મનોરથી દીઠ રૂા. ૨,૦૦૦/- બે હજાર જેઓએ ન આપ્યો હોય તો નવનીતભાઈ સરકારને પહોંચતા કરે.

***- લિ. નવનીતભાઈ સી. પરીખ***

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

સહર્ષ જણાવવાનું કે ઉપર્યુક્ત ટ્રસ્ટને ચાલુ વર્ષ દરમ્યાન નીચે મુજબ દાન/ન્યાસફંડ પ્રાપ્ત થયેલ છે.

શ્રી ભરત ગોકલદાસ કડકીઆ (ફાડીઆ) તરફથી તેમના સુપત્ર ચિ. નિવેલના શુભલગ્ન નિમિત્તે રૂા. ૫૧,૦૦૦/-ની રકમ પ્રાપ્ત થયેલ છે.

શ્રી શશીકાંત મુળજીભાઈ પરીખ (પોયડાવાળા) તરફથી રૂા. ૧૫,૦૦૦/-નું ન્યાસફંડ પ્રાપ્ત થયેલ છે.

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ્ મંત્રીઓ - ટ્રસ્ટી***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

## બાલાસિનોર સાધનદાન માટે જાહેર અપીલ :

(૧) બાલાસિનોરની કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલમાં આંખના સર્જન ડૉકટર દ્વારા દર બુધવારે મફત પાચં આંખના ઓપરેશનો કરવામાં આવે છે. તેમજ દર વર્ષે કેમ્પ રાખીને પણ ઓપરેશનો કરવામાં આવે છે. જેમાં નેત્રમણિ મૂકવામાં આવે છે તથા સાદા ઓપરેશન કરવામાં આવે છે. આ ઓપરેશન ટાંકાથી કરવામાં આવે છે. પરંતુ આધુનિક પધ્ધતિથી ફૅકો મશીનથી ઓપરેશન કરવામાં આવે તો ટાંકા લેવાની જરૂરીયાત રહેતી નથી. હોસ્પિટલમાં સને : ૨૦૦૧-૨૦૦૨ના વર્ષમાં ૨૯૪, ૨૦૦૨-૨૦૦૩ના વર્ષમાં ૩૩૯, સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં ૩૭૧ ઓપરેશનો કરવામાં આવેલ છે. ફૅકો મશીન વસાવવા માટે આશરે સાડાચાર લાખ રૂપિયાની જરૂરીયાત હોઈ દાતાશ્રીઓએ ઉદાર હાથે દાન આપવા જાહેર અપીલ (વિનંતી) છે. ટ્રસ્ટને ૧૦૦ ટકા કરમુક્તિ અંગેનું ૩૫ એ.સી. સર્ટીફીકેટ મળેલ છે.

૨) હોસ્પિટલમાં ચાલુ વર્ષે દરદીઓ માટે ગરમ બ્લેંકેટ ખરીદવા માટે રૂા. ૧૫,૦૦૦/- અંકે રૂપિયા પંદર હજાર પુરા અભ્યુદય ટ્રસ્ટ (શ્રી બાબુલાલ છોટાલાલ દેસાઈ) તરફથી મળેલ છે. જે બદલ તેઓનો આભાર માનવામાં આવે છે.

૩) શ્રી બાલાસિનોર સેવા સમાજમાં ટ્રસ્ટ ભંડોળમાં રૂા. ૨૧,૯૦૦/- અંકે રૂપિયા એકવીસ હજાર નવસો પુરા બાલાસિનોર તાલુકા સંકટ નિવારણ સમિતિ તરફથી હસ્તે ધીરજલાલ રમણલાલ શાહ મારફતે મળ્યા છે. જે બદલ તેઓનો આભાર માનવામાં આવે છે.

## અપીલ

કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલમાં દરેક જાતના ઓપરેશનો સામાન્ય દરથી કરવામાં આવે છે. આ ઓપરેશનોના ખર્ચમાં રાહત આપવા માટે ટ્રસ્ટના નેજા હેઠળ એક અનામત ભંડોળ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે ઓપરેશન મિતિ યોજના ફંડ તરીકે ઓળખાશે. આ અન્વયે રૂા. ૭,૫૦૦/- (સાત હજાર પાચંસો) પૂરામાં યોજના હેઠળ મિતિ નોંધાવનાર દાતા જે તારીખ આપશે તે તારીખે હોસ્પિટલના નોટીસ બોર્ડ ઉપર (આજની તારીખનું પુણય આ દાતા ને મળશે) લખવામાં આવશે. એક જ તારીખે એક અથવા એકથી વધારે દાતા મિતિ નોંધાવી શકશે. આ ઉપરાંત આ મિતિના દિવસે ટ્રસ્ટ દાતાનો ટપાલ મારફત આભાર માનવામાં આવશે.

દાતાઓને ઉદારદિલે ફાળો નોંધાવવા વિનંતી.

સંપર્ક - રાજેન્દ્ર દેસાઈ - ૯૮૨૦૦ ૮૦૧૯૪
ધીરૂભાઈ શેઠ - ૯૩૨૨૨ ૩૦૩૯૦
કાર્તીક કડકીયા - ૯૮૨૦૦ ૩૦૮૪૨

### આવી ગયેલ મિતિના દાતાઓની યાદી

૧. શ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)
૨. સ્વ. કમળાબેન શાંતીલાલ પરીખ (કુવાવાળા)
૩. શ્રીમતી આશા ધીરૂભાઈ શેઠ
૪. શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ
૫. શ્રી કાર્તિક રસિકલાલ કડકીયા
૬. શ્રી રસીકભાઈ સાંકરલાલ મોદી (દેવ)
૭. શ્રીમતી સ્મિતા અરવિંદ પરીખ

## આભાર

ટ્રસ્ટને નીચે મુજબના દાન/વચન મળ્યા છેય

૧) શ્રીમતી કલાવતીબેન મણીકાંત ગાંધી (કલકત્તાવાળા)
રૂ.ા ૩૦,૦૦૦ હસ્તે : અતુલ મણીકાતં ગાંધી
૨) સ્વ. તારાબેન રમણલાલ શાહ (સુરતવાલા)
રૂા. ૨૫,૦૦૦. હસ્તે : મૃદુલાબેન રમેશચંદ્ર ધારીયા

આ દાન મેળવવા...... બદલ ટ્રસ્ટ શ્રી કીર્તીકુમાર નટવરલાલ દેસાઈ (દેડકી)નો આભાર માને છે.

બાલાસિનોરની આ એક જ સંસ્થા છે જેને દાન આપવાની ઈન્કમટેક્ષમાં ૧૦૦% માફી મળે છે. તો તા. ૩૧.૧.૨૦૦૫ પહેલા દાતાઓને ઉદાર હાથે દાન આપવા વિનંતી.

*પ્રમુખ - નવીનચંદ્ર ચીમનલાલ શાહ*
*મંત્રી - ધીરુભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ*

# અખીલ ભારતીય શ્રી દશા નિમા (વણીક) સમાજ, મુંબઈ

બાલાસિનોરના લગ્નોત્સુક યુવક -યુવતિઓ જોગ,

તા. ૧.૧.૨૦૦૫

ગયા વર્ષના પ્રથમ 'પરિચય મેળા'ની સફળતાથી ઉત્સાહિત થી આ વર્ષે પણ બીજા 'પરિચય મેળા'નું આયોજન ઉપરોક્ત વણીક સમાજ તરફથી કરવામાં આવ્યું છે.

આ 'પરિચય મેળો' રવિવાર તા. ૧૩.૨.૨૦૦૫ના દિવસે ઈંડીયન મરચંટ ચેમ્બર્સ-ચર્ચગેટ મુકામે રાખવામાં આવ્યો છે.

આ 'પરિચય મેળા'માં માત્ર દશાનિમા વણીકો જ ભાગ લઈ શકશે.

ગયા વર્ષે લગભગ ૧૭૦ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. તેમાં ૧૫ થી ૨૦ યુગલો પવિત્ર લગ્ન ગ્રંથીથી જોડાઈ ગયા.

તો બાલાસિનોરના વડીલોને વિનંતિ કે તમારા સંતાનોના ભાવિ સુખ મટે હિંમતભેર આગળ આવે અને ભાગ લઈને અમારા ઉત્સાહને બેવડાવો... પછી તો મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા.!

આ અંગેના ફોર્મ મારી પાસેથી યા ઉપરોકત સમાજના કોઈ પણ કમિટિ મેંબર પાસેથી મંગાવી તા. ૧.૨.૨૦૦૫ પહેલા અમોને સંપૂર્ણ વિગતો ભરીને પહોંચાડશોજી.

**(ફોર્મ માટે પાછળનું પાનું જુઓ)**

*લિ. નવનીતભાઈ પરીખ (સરકરા) - ઉપપ્રમુખ*

---

## શ્રી બાલાસિનોર દશામીના નવયુવક મંડળ સંચાલિત
## શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા
## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત
## શ્રી બાલાસિનોર પ્રગતિ મડંળ આર્થિક રાહત યોજના

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી આ વર્ષે અન્ન સહાય તથા આર્થિક રાહત લેતા કુટુંબીજનોએ તા. ૧૦.૨.૨૦૦૫ સુધી પોતાના ફોર્મ્સ સંપૂર્ણ વિગતવાર ભરીને નીચેના સ્થળે આપી જવા.

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, કાર્યાલય, કાલબેદેવી, મુંબઈ-૨

૨) શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ, મેડીકલ ટ્રસ્ટ, મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ-૭.

૩) શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી), સુરેન્દ્ર ટ્રેડીંગ કાયું, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ-૩

અરજ કરનારે કોઈપણ એક જ મંડળમાં અરજી કરવી. આ વર્ષે રાહત માટે વર્ષ એપ્રીલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૦૬ સુધીનું રહેશે.

*કન્વીનર : શ્રી કિર્તીભાઈ દેસાઈ (દેડકી), શ્રી ઉર્વીર્શ રસિકલાલ મોદી (દેવ)*

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

૮/૯, મહેતા હાઉસ, ૨ જે માળે, પંડીતા રમાબાઈ રાનડે રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭. **ફોન : ૨૩૬૭૦૧૬૯**

ઉપરોક્ત સંસ્થા દ્વારા આપણા બાલસિનોરના મેડીકલ તથા પેરામેડીકલ ડૉકટરોનું એક લીસ્ટ તૈયાર કરવામાં આવનાર છે તો સૈ મેડીકલ ગ્રેજ્યુએટોને તેઓના નીચે મુજબ બાયોડેટા મોકલવા વિનંતી

*- યોગેશ ધારીઆ - મંત્રી*

## DOCTOR'S PROFILE / PARAMEDICAL'S PROFILE

**Name :** ____________________________________________

Surname First Name Father's Name Grandfather's (Khij)

**Qualification :** ____________________________________________

**Address : Clinic : / Nursing Home** : ____________________________________________

____________________________________________

**Timings :** ____________________________________________

**Tele No. :** ______________________ **Mobile :** ______________________

**Residence :** ____________________________________________

**Address :** ____________________________________________

____________________________________________

**Tele. No./s. :** ______________________**Email :** ______________________

**Attachments :** ____________________________________________

**Hobbies :** ____________________________________________

____________________________________________

**Other Informatio :** ____________________________________________

# શ્રી બાલાસિનોર યાત્રા સંઘ

દક્ષિણ ભારતની યાત્રાએ આવનારા વૈષ્ણવો જોગ,

શ્રી ઠાકોરજીની કૃપાથી યાત્રાનું આયોજન રૂડી રીતે થઈ ગયું છે. આ યાત્રા એક ધન્ય યાત્રા છે. ૧૯ દિવસનો દીર્ઘ પ્રવાસ, ૧૭ સ્થળો, ૧૪ રાત્રી હોટલોમાં, ૬-૭ બેઠકો, ૨ ગિરિમથકો આ બધું શ્રી બાલાજી ભગવાનની કૃપા સિવાય શક્ય નથી.

હોટલમાં ૬૦-૬૦ રૂમોનું બુકીંગ તેમાં ૫ ગામોમાં એક જ હોટલમાં ઉતારો ૫-૬- જ્યાએ બાજુ બાજુમાં બે હોટલોમાં મુકામ. દરેક રૂમ એટેચ બાથરૂમવાળી છે. બધી જ હોટલોમાં વેર્સ્ટન ટાઈપ લેવેટરી હોય નહીં જેથી જે કોઈ બાઈ-બહેનને પગની ખૂબ જ તકલીફ હોય અને જે નીચે બેસી જ ના શકતા હોય તેઓએ મને જલ્દીથી ફોન કરી જણાવવું જેથી સગવડ સાચવી શકાય. યાદ રહે ઈંડિયન સંડાસ ચાલતું હોય તે લોકો ફોન ના કરે.

હોટલમાં દરેકમાં ૨ જણાને રહેવાનું છે. (ચાર કપલ હોય માટે એકલા હોય) પંરતુ જે કોઈ ત્રણ દોસ્ત કે સગાંને સાથે રહેવું હોય તેઓ મને ફોન કરે તો ત્રણ જણાને રાખીશું. થોડાક રૂમમાં ચાર- બેઠકની મોટી મળી છે. જેથી ચાર બહેનો કે ભાઈઓ એકલા હોય તો પણ મને ફોન કરી નામ લખાવે.

જ્યાં લીફ્ટ નથી ત્યાં વૃદ્ધો તથા અશક્તોને ભોયતળીયે તથા યુવાનોને - સશક્તોને ઉપર રહેવાનું છે. રૂમોની ફાળવણી અમો કરીશું. બસો પણ ૨ x ૨, પુશબેક સીટોવાળી, લક્ષરીબસો છે. વૃધ્ધો -બીમારોને આગળ સીટો આપવામાં આવશે. જુવાનોએ પાછળ બેસવાનું છે. રોજ સીટો બદલવાની નથી.

આ માટે તા. ૬.૨.૨૦૦૫ને રવિવારે સવારે ૯.૦૦ વાગે એક સ્નેહ મિલન લાડની વાડી, સી.પી.ટેન્કમાં રાખવામાં આવ્યું છે. આ વખતે આઈડેન્ટીકાર્ડ, ટીકીટોની ઝેરોક્ષ, રૂમોના નંબર, બસના નંબરો, સામાન માટેના લેબર (દરેકને ૨ નંગ) વિગેરે તથા જરૂરી સૂચનો આપવામાં આવશે. સૂચનાઓ વધારે તેમજ અગત્યની હશે. જેથી સાથે ૧ મોટ તથા બોલપેન લખવા માટે સાથે લાવજો. જરૂરી કામની મિટિંગ હોવાથી દરેક આવવું પરંતુ જો બંન્ને જણા આવી ના શકે તો એક તો જરૂર આવવું અને જો તમો બે માંથી એક જણ આવવાનો હોય તો મને ફોનથી જણાવજો જેથી સરળતા પડે.

તો હવે તા. ૬.૨.૦૫ને રવિવારે સવારે ૯.૦૦ વાગે લાડીના વાડીમાં મળશું.

***- લિ. નવનીતલાલ સરકાર - કન્વીનર***

# શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી નંડળ લીમીટેડ

૫, ગણેશ કૃપા,સીક્કાનગર, વી.પી. રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૮૭૭૮૯

**તા. ૧૧.૧૨.૨૦૦૪**

માનનીય ગ્રાહક બંધુઓ તથા શેર હોલ્ડર બંધુઓના આટલા વર્ષોના આપના સાથ સહકાર બદલ આપનો આભાર. ચાલુ વર્ષે પણ અમોને આપ સૌ સંપૂર્ણ સાથ સહકારી આપી અમારા કાર્યકર્તાઓને વધુ ઉત્તેજન આપશો.

અમને જણાવતાં હર્ષ થાય છે બારે માસ ભરવા લાયક **ચોખાની વિવિધ જાતો જેવી કે કોલમ, આંબામોર, પરીમલ, બાસમતી આખા, બાસમતી પોણિયા, બાસમતી ટૂકડા** જે પ્રતિષ્ઠિત કંપનીના.... મળશે.

**વધુમાં દરેક જાતના ઘઉં, લોકવન, પીસી (સિહોરી), મગ, મગની દાળ, ચણા દાળ, તૂવેર દાળ, લાલ ચણા કાબુલી ચણા, મઠ, વાલ, વાલની દાળ, ખજૂર લાલ - કાળુ, સૂકો મેવો, પીસ્તા, બદામ, કાજૂ, કીસમીસ, અંજીર, આલ, એલચી પણ મળશે...**

ખાંડેલું લાલ મરચું, રેશમ પટ્ટી, કાશ્મિરી, ધાણા જીરૂ, હળદર, ગમર મસાલો, જીરૂં, અજમો, રાઈ, મેથી, લવિંગ, મરી, તજ, સૂંઠ પાવડર, પીપરીમુળ પાવડર, આમચુર પાવડર વગેરે......

દરેક જાતના ન્હાવાના, ધોવાના સાબુ તથા ડીટરજન્ટ પાવડર, ગોળ, સાકર, ઘી, તેલ, ટુથપેસ્ટ વગેરે....

**વ્યાજબી દરે ઘેર બેઠા ફ્રી હોમ ડીલવરી કરવામાં આવશે.**

આપના વિશ્વાસુ

| **ચેરમેન** | **ઉપ-ચેરમેન** |
|---|---|
| જયંતીલાલ સાંકરલલા ધારિયા (દલાલ) | પ્રવિણચંદ્ર વલ્લભદાસ ધારીઆ (લાલખાં) |
| **ખજાનચી** | **મંત્રી** |
| મધુસુદન ભીખાલાલ કડકિયા (ફાડિયા) | ચંદ્રકાંત કોદરલાલ પરીખ (સી.કે.) |
| પૂનમચંદ મોજીલાલ ધારીઆ (બલબલ) | જયંતીલાલ લલ્લુભાઈ કડકિયા (હાલોલવાલા) |

**તા. ક. : હાલમાં મકાન નવું થતું હોવાથી મંડળીનું કામકામ સામે ગેરેજમાં રાખેલ છે.**

**સર્વ બાલાસિનોરવાસીઓને નમ્ર વિનંતી કે પોતાની જરૂરિયાતન વસ્તુઓ ફક્ત બાલાસિનોર ગ્રાહક મંડળીમાંથી ખરીદવાનો આગ્રહ રાખશોજી.**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) Reenal Nalinchandra Shah (Mo. 571-278-0686
Gauri Renal Shah (Mo. 571-277-1520)
20205 Bar Harbour Tarrace
Ashburn, Varjinia - 20147 U.S.A.
Ph : 703 - 726 - 0191
Off : 703 - 433 - 1066

૨) શાહ રેખાબેન ભગીરથ
એફ/૫૨, પારેખવાડા,.બાલાસિનોર,
ફોન:૦૨૬૯૦- ૨૬૮૮૭૫ મો.:૯૮૭૦૪૦૩૦૮૪

૩) શાહ ફાલ્ગુની મનોજકુમાર
ફ્લેટ નં. ૧૯, નીલ શોભા કો.ઓ. સો., ૫ મે માળે,
૫૨/ઈ, અંધેરી કુર્લા રોડ, નટારાજ સ્ટુડીયોની પાસે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૯
ફોન: ૩૯૫૧૨૧૫૧

## નવા ફોન નંબર

વસંત શાંતીલાલ પરીખ (કુવાવાલા)
૯૩૨૪૬૨૩૩૬૧
કીર્તીભાઈ નટવરલાલ દેસાઈ (દેડકી)
૯૩૨૨૨૫૦૧૪૪

## સમાચાર વિભાગ

- અંધેરીમાં વસતા બાલસિનોર વાસીઓનું સમુહ ભોજન રવિવાર તા. ૨૩.૧.૨૦૦૫ના રોજ પેપીલોન પાર્ક, ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ), ખાતે યોજવામાં આવ્યું છે. કલ્પેશ ધારીઆ, પરેશ તથા પંકજ પરીખ.

## જાહેર આમંત્રણ

તા. ૧૧.૩.૨૦૦૫ થી તા. ૧૭.૩.૨૦૦૫ સંવત ૨૦૬૧ના ફાગણ સુદી ૧ શુક્રવાર થી ફાગણ સુદ ૭ ગુરૂવાર સુધી બાલાસિનોર મુકામે 'ષોડશ ગ્રંથ' ઉપર વિવેચનનું એક આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ ઉપર શ્રી પ્રધ્યુમનભાઈ શાસ્ત્રી બીરાજશે. વિવેચન નો સમય બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૩૦ સુધીનો રહેશે. **સ્થળ :** હોળી ચકલા. **જમણવાર અંગે :** પુરતી સંખ્યા થશે તો જમણવારની વ્યવસ્થા બે ટાઈમની કરવામાં આવશે. **તા.ક. :** ૮૫ વર્ષ અને તેની ઉપરના ભાઈઓ તથા બહેનોનું પુર્ણાહુતી વખતે મંડપમાં હાજર હશે તેઓનું બહુમાન કરવામાં આવશે.

*- લી. વાડાસિનોર વૈષ્ણવ સમાજ*

## જાહેર નિમંત્રણ

પ્રેમપૂરી આશ્રણ, મંગળવાર તા. ૧.૨.૨૦૦૫ના રોજ સાંજે ૫.૧૫ થી ૭.૩૦ વાગે પૂ. શ્રી હરીભાઈ કોઠારી દ્વારા સાધન શુદ્ધિ એજ જીવન સિધ્ધિ તેમજ કુ. શર્મિલા શાહ દ્વારા ભજનનો કાર્યક્રમ શ્રી/શ્રીમતી માનીકોશી દ્વારા પોતાની માતા-પિતાની અંજલી રૂપે રાખવામાં આવ્યોછે. દરેક ભક્તજનો તેનો લાભ લેવા વિનંતી.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| ધારીઆ અરૂણચંદ્ર ભીખાલાલ | ૭૮ |
| કડકીઆ મહેન્દ્ર (બચુભાઈ) ચંદુલાલ ભાઈચંદ | ૬૧ |
| કડકીઆ સુનીલ પુનમચંદ (બેરા) | ૫૧ |
| કડકીઆ કમળાબેન ભીખાલાલ (મરઘા) | ૮૦ |
| કડકીઆ પુર્ણિમા ચંદ્રકાન્ત (સી.બી.ટ્રેડીંગ) | ૫૫ |
| શિરીષ કોદરલાલ દેસાઈ | |

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ અર્પે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**